પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૭ અંક : ૨૮૮ કુલ પાના : ૪ તારીખ : ૩૦-૦૭-૨૦૨૪ મંગળવાર કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગૃપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

## છેલ્લા ૧૦થી ૧૨ કલાક દરમિયાન વિસનગરમાં પડેલા ૫ ઈંચ વરસાદને પગલે ઘરોમાં પાણી ઘૂસ્યા

મહેસાણા,

દક્ષિણ ગુજરાત, મધ્ય ગુજરાત અને સૌરાષ્ટ્રમાં ધબધબાટી બોલાવ્યા બાદ હવે મેઘાની સવારી ઉત્તર ગુજરાત તરફ વળી છે. ઉત્તર ગુજરાતના તમામ જિલ્લાઓમાં આજે સવારથી જ વરસાદ પડી રહ્યો છે. સાબરકાંઠામાં મેઘાએ તોફાની બેટિંગ કરી હતી. અરવલ્લી, સાબરકાંઠા, બનાસકાંઠા, મહેસાણા જિલ્લામાં ધોધમાર વરસાદ પડી રહ્યો છે. નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાતાં લોકોને હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે.





આજે સવારે ૬ વાગ્યાથી બપોરે ૨ વાગ્યા દરમિયાન બે ઈંચથી વધુ વરસાદ નોંધાયેલા તાલુકાઓમાં પ્રાંતિજ, વિસનગર, મહેસાણા, વિજાપુર, લુણાવાડા, વડગામ, હિંમતનગર, તલોદ, મોડાસા, જોટાણા, માણસા, મેહરાજ, વડનગર, ઊંઝા, સાંતલપુર, બેચરાજી કપરાડા, પાલનપુર, ખાનપુર, બાયડ, ભિલોડા, સંતરામપુર, વડોદરાનો સમાવેશ થાય છે. બપોરના ૨ વાગ્યા સુધીમાં સમગ્ર રાજ્યના ૧૯૩ તાલુકાઓમાં વરસાદ નોંધાયો છે, જેમાં ૨૩ તાલુકાઓમાં બે ઈંચથી વધુ વરસાદ નોંધાયો છે.

સાબરકાંઠાના પ્રાંતિજ તાલુકામાં આજે સવારે ૬ વાગ્યાથી બપોરના ૨ વાગ્યા સુધીના ૮ કલાકના સમયગાળા દરમિયાન ૬.૫ ઈંચ જેટલો વરસાદ નોંધાયો હતો, ત્યારબાદ મહેસાણા જિલ્લાના વિસનગરમાં ૬ ઈંચ અને મહેસાણા તાલુકામાં ૫.૪ ઈંચ વરસાદ નોંધાયો હતો. તાજેતરના અપડેટમાં, બનાસકાંઠાના વડગામ તાલુકામાં બપોરે ૧૨ વાગ્યાથી ૨ વાગ્યા સુધીમાં માત્ર ૨ કલાકમાં ૪.૫ ઈંચ વરસાદ નોંધાયો હતો.

છેલ્લા ૧૦થી ૧૨ કલાક દરમિયાન વિસનગરમાં પડેલા ૫ ઈંચ વરસાદને પગલે ઘરોમાં પાણી ઘૂસ્યા છે. ઘરોમાં પાણી, ભરાઈ જતા અંદર રહેલ ઘર વખરીને પણ નુકશાન થયું છે અને અનાજ સહિતની વસ્તુઓ પાણીમાં પલળી ગઈ છે. વિસનગર છઁસ્ઝ પાણીમાં ગરકાવ થઈ છે. વિસનગર એપીએમસીમાં પણ નદીની જેમ પાણી વહેવા લાગ્યા છે. ગેટથી અંદર સુધી આવવા માટે રસ્તો પાણીમાં ડૂબી ગયો છે. ખેડૂતોને પણ હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે અને વેપારીઓમાં પણ માલ બગડવાની ભીતિ સેવાઈ રહી છે.

સાબરકાંઠા જિલ્લામાં ધોધમાર વરસાદ વરસતા હિંમતનગરમાં રેલવે અંડરબ્રિજમાં બસ અને કાર પાણીમાં ગરકાવ થઈ છે. હમીરગઢ ગામમાં રેલવે અંડરપાસ પરથી પસાર થતી વખતે સ્ટેટ ટ્રાન્સપોર્ટની બસ પાણીમાં ફસાઈ ગઈ હતી. સદનસીબે, બસમાં કોઈ મુસાફરો ન હતા, અને ડ્રાઈવર અને કંડક્ટર બસની ઉપર ચઢી ગયા હતા, ત્યારબાદ સ્થાનિક લોકોએ દોરડાની મદદથી તેમને બચાવી લીધા હતા. પાણીનું સ્તર એટલું હતું કે બસની માત્ર છત જ દેખાતી હતી.

મહેસાણાનું ગોપી નાળુ અને ભમરીયું નાળામાં પાણી ભરાયા છે. ગોપી નાળામાં એક ટ્રેક્ટર પાણીમાં ગરકાવ થયું હતું. જેથી ટ્રેક્ટરમાં સવાર લોકો ફસાઈ ગયા હતા. સમગ્ર ઘટના અંગે મહેસાણા ફાયર વિભાગે ટ્રેક્ટરમાં સવાર ૭ યુવતી અને વૃદ્ધ ડ્રાઈવર સહિત ૧૩ લોકોનું રેસ્ક્યૂ કર્યું હતું.

વિસનગરમાં મહેસાણા ચોકડી પાસે ટ્રાફિક જામ સર્જાયો છે, જેના કારણે વિદ્યાર્થીઓ ટ્રાફિકમાં અટવાયા છે. મહેસાણામાં ગોપીનાળા અંડરપાસમાં ફસાયેલા ૧૩ લોકોને બચાવી લેવાયા છે. આ લોકો ટ્રેક્ટરમાં અંડરપાસ પરથી પસાર થઈ રહ્યા હતા, ત્યારે પાણી ભરાયેલા વિસ્તારમાં વાહન ભરાઈ જતાં તેઓ ફસાઈ ગયા હતા. જોકે, આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ ન હતી અને તમામ લોકોને સુરક્ષિત બહાર કાઢવામાં આવ્યા હતા. મહેસાણા ચોકડી પાસેનો રસ્તો પાણીથી ભરાઈ ગયો છે, જેના કારણે વાહનચાલકોને ભારે મુશ્કેલી પડી રહી છે.

હિંમતનગર નગરપાલીકાના શોપીંગ સેન્ટરના ભોંયરામાં વરસાદી પાણી ભરાઈ ગયું હતું. જેને લઈ ભોંયરમાં આવેલી દુકાનોમાં પાણી ભરાઈ ગયા હતા. દુકાનોમાં પાણી ભરાઈ જવાના કારણે માલિકોને આર્થિક નુકશાની વેઠવાનો વારો આવ્યો છે.

## ચાંદીપુરા વાયરસથી રાજ્યમાં સ્થિતિ ગંભીર, ૧૩૦ કેસ, મૃત્યુઆંક ૫૩ એ પહોંચ્યો

અમદાવાદ,

ગુજરાતમાં ચાંદીપુરા વાયરસના કારણે સ્થિતિ વધુ ગંભીર બની રહી છે. પ્રતિદિન ચાંદીપુરા કેસોની સંખ્યા વધવા સાથે મોતના આંકડામાં પણ વધારો થઈ રહ્યો છે. તાજેતરમાં ચાંદીપુરા વાયરસથી વધુ અમદાવાદના મોટેરા વિસ્તારના એક બાળકનું મોત થયું. આ બાળક તેના પરીવાર સાથે મોટેરા વિસ્તારમાં વેલજીભાઈના રબારીવાસમાં રહેતું હતું. બાળકના મોત મામલે જ્યારે હકીકતની તપાસ કરવામાં આવી ત્યારે ચોંકાવનારી વિગત સામે આવી.



હાલમાં ચાંદીપુરા વાયરસથી વધુ એક બાળકનું મોત થયાનો કિસ્સો સામે આવ્યો. આ બાળક જે જગ્યા પર રહેતો હતો તેની તપાસ કરવામાં આવી તો હકીકત સામે આવી કે રબારી વારસની આસપાસ ખૂબ ગંદકી ફેલાયેલી હતી. મોટેરા વિસ્તારમાં આવેલ રબારી વાસમાં અંદાજે ૫૦થી વધુ નાની ઓરડીઓ છે. અમદાવાદમાં ગત અઠવાડિયે પડેલ વરસાદ બાદ ત્યાં કીચડ થયો હતો. વરસાદી પાણી ભરાતા મચ્છરોનો ઉપદ્રવ થયો હતો.આ સ્થાન પર સાંકડી જગ્યામાં પરિવાર સાથે રહેતા લોકો ખૂબ ખરાબ સ્થિતિમાં રહે છે. પાણીનો ભરાવો અને આવા સ્થાન પરથી તેઓ અવર-જવર કરે છે.

મહત્વનું છે કે રાજ્યમાં ચાંદીપુરા વાયરસના પગપેસારા બાદ તંત્ર એલર્ટ થતા દવાનો છંટકાવ કરવામાં આવતો હોવાનો દાવો કરાય છે. પરંતુ મોટેરાના રબારી વાસની સ્થિતિ કોર્પોરેશનના દાવા પોકળ હોવાનું સાબિત કરે છે. રબારી વાસના સ્થાનિકોએ કહ્યું કે અંહી પાલિકા દ્વારા કોઈપણ પ્રકારની દવાનો છંટકાવ કરાયો નથી. કોઈ અહીં સાફ-સફાઈ કરવા પણ આવતું નથી. ચાંદીપુરા વાયરસમાં ભારે તાવ,માથાનો દુખાવો, ખેંચ આવવી , ઊલટી થવી, બેભાન થવું અને ઝાડા થવા જેવા લક્ષણો જોવા મળે છે. આમાંથી કોઈપણ લક્ષણ દેખાય તો તાત્કાલિક સારવાર કરાવી.

## રાહુલ ગાંધીએ હલવા સમારોહ વિષે ટીપ્પણી કરી નિર્મલા સીતારમણે કપાળ પર હાથ મૂક્યો?

નવીદિલ્હી

સંસદના ચોમાસુ સત્રનો આજે નવમો દિવસે બંને ગૃહોમાં આજે દિલ્હી કોચિંગ અકસ્માતનો મુદ્દો ઉઠાવવામાં આવ્યો હતો. સંસદના બંને ગૃહોમાં આ મુદ્દે ચર્ચા થઈ હતી. દરમિયાન, લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ કેન્દ્રીય બજેટ ૨૦૨૪ને લઈને સરકાર પર નિશાન સાધ્યું. આ દરમિયાન તેમણે ચક્રવ્યુહનું ઉદાહરણ આપ્યું. તેમણે બજેટ હલવા સમારોહમાં પણ કંઈક કહ્યું, જે સાંભળીને નાણાં પ્રધાન નિર્મલા સીતારમણે તેમના કપાળ પર બંને હાથ મૂક્યા.





તેમણે કહ્યું કે મહાભારતમાં અભિમન્યુને ચક્રવ્યુહમાં ફસાવીને મારી નાખવામાં આવ્યો હતો. ચક્રવ્યુહ કમળ જેવો હતો. આજે પણ એ જ ચક્રવ્યુહનું સર્જન થઈ રહ્યું છે અને વડાપ્રધાન તેમની છાતી પર કમળનું પ્રતીક લઈને ચાલે છે. દેશ ચક્રવ્યુહમાં ફસાઈ ગયો.

આ દરમિયાન રાહુલ ગાંધીએ ગૃહમાં હલવા સમારંભની તસવીર બતાવવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ લોકસભા અધ્યક્ષ ઓમ બિરલાએ ના પાડી દીધી હતી. આના પર વિપક્ષના નેતાએ કહ્યું, 'હું ચિત્ર બતાવીને સમજાવવા માંગુ છું કે બજેટનો હલવો વહેંચાઈ રહ્યો છે અને આ તસવીરમાં એક પણ ઓબીસી અધિકારી નથી. આદિવાસી અધિકારી અને દલિત અધિકારી પણ દેખાતા નથી. શું થઈ રહ્યું છે? દેશની ખીરનું વિભાજન થઈ રહ્યું છે અને તેમાં માત્ર તે લોકો જ નથી.

રાહુલ ગાંધીએ આટલું બોલતાની સાથે જ નાણામંત્રી નિર્મલા સીતારમણે તેમના કપાળ પર હાથ મૂક્યો. જોકે, હોબાળા વચ્ચે લોકસભામાં વિપક્ષના નેતાએ પોતાનું ભાષણ ચાલુ રાખ્યું હતું. તેણે કહ્યું, 'સાહેબ, તમે હલવો ખાઓ છો અને બીજા લોકોને હલવો નથી મળતો. અમને જાણવા મળ્યું છે કે ૨૦ અધિકારીઓએ બજેટ તૈયાર કર્યું છે. જો તમે લોકોને નામ જોઈતા હોય તો હું તમને આ અધિકારીઓના નામ પણ આપી શકું છું.

તેમણે વધુમાં કહ્યું કે આનો અર્થ ૨૦ અધિકારીઓએ બજેટ બનાવ્યું છે. મતલબ કે ૨૦ લોકોએ ભારતનો હલવો વહેંચ્યો છે. સમાન બે-ત્રણ ટકા કોણ વહેંચે છે, કોને મળે છે? માત્ર આ ત્રણ ટકા. બાકીના ૯૯ ટકાને શું મળે છે?

## પાકિસ્તાનના ફરી ટૂકડા થશે! બલૂચિસ્તાનના લોકો રસ્તા પર ઉતર્યા, પાકિસ્તાન અને ચીનનો વિરોધ



ઈસ્લામાબાદ,

બલૂચિસ્તાનમાં આઝાદીનું કાઉન્ટડાઉન શરૂ થઈ ગયું છે. લાખોની સંખ્યામાં બલોચ પ્રદર્શનકારી ગ્વાદરમાં પ્રદર્શન કરી રહ્યા છે.આ લોકો અલગ બલોચ રાષ્ટ્રની માગણી કરી રહ્યા છે.જેના કારણે પાકિસ્તાની આર્મી અને સેના ડરી ગઈ છે.અને હંમેશાની જેમ અત્યાચાર સામે વિરોધના વંટોળને કચડવાના પ્રયાસમાં લાગી છે.પરંતુ બલોચ પર અત્યાચારની ચિંગારી હવે જ્વાળામુખી બની ગઈ છે.ત્યારે બલૂચિસ્તાનમાં કેવો વિરોધ થઈ રહ્યો છે?.

બલૂચિસ્તાનના લોકોનો વિરોધ કરવો એ ગુનો ગણવામાં આવે છે.માણસાઈનો અવાજ ઉઠાવવો ગુનો બની ગયો છે.દ્રશ્યો જુઓ. નિર્દોષ બલૂચિસ્તાનના લોકો ગ્વાદરમાં જોડાવા માટે નીકળ્યા હતા.પરંતુ રસ્તામાં તેમના પર ગોળીઓ ચલાવવામાં આવી રહી છે. તેમની ગાડીઓના કાચ તોડવામાં આવી રહ્યા છે.ટાયર પર ગોળીઓ મારવામાં આવી રહી છે.

બલૂચિસ્તાનના લોકો ગ્વાદરમાં સૌથી મોટા વિરોધ પ્રદર્શનનું એલાન કર્યું છે.ગ્વાદરમાં લાખોની ભીડ ઉમટી રહી છે.જેના કારણે પાકિસ્તાનની શહબાઝ સરકારના હાથ-પગ ફૂલવા લાગ્યા છે.આ વિરોધના વંટાળનો અર્થ સ્પષ્ટ છે કે બાંગ્લાદેશ પછી બલૂચિસ્તાનના પણ ટુકડે-ટુકડા થવાની શક્યતા છે.કેમ કે આટલાં વર્ષો સુધી પાકિસ્તાન દ્વારા કરવામાં આવતાં અત્યાચાર સામે લોકોના રોષની ચિંગારીએ હવે જ્વાળામુખીનું રૂપ લઈ લીધું છે... જે આખા પાકિસ્તાનને ભસ્મ કરવાની તૈયારીમાં છે.

## વિપક્ષની ભાગલા પાડો અને રાજ કરોની નીતિ નહીં ચાલે, યોગી આદિત્યનાથ



લખનૌ,

યુપીના સીએમ યોગી આદિત્યનાથે ભાજપ ઓબીસી વર્કિંગ કમિટીની બેઠકમાં ભાગ લીધો હતો અને આ બેઠકમાં મોટું નિવેદન આપ્યું હતું. તેમણે વિપક્ષ પર આકરા પ્રહારો કર્યા છે અને સપાના વડા અખિલેશ યાદવનું નામ લીધા વિના કહ્યું કે વિપક્ષની ભાગલા પાડો અને રાજ કરોની નીતિ નહીં ચાલે. તમને જણાવી દઈએ કે યુપીમાં સીએમ અને બે ડેપ્યુટી સીએમ વચ્ચે ટક્કર હોવાના દાવાઓ વચ્ચે સીએમ યોગીએ એક મોટી વાત કહી. સોમવારે યોજાયેલી બેઠકમાં સીએમ યોગીની સાથે બંને ડેપ્યુટી સીએમ પણ જોવા મળ્યા હતા.સીએમ યોગીએ બેઠકમાં કહ્યું કે અમારા કાર્યકાળ દરમિયાન ૬૦ ટકા ભરતીઓ ઓબીસી સમુદાયમાંથી થઈ છે. છેલ્લા ૭ વર્ષમાં થયેલી તમામ ભરતીઓમાં ૬૦% ઓબીસી કેટેગરીની છે. બજરંગ બલી પાસે ઓબીસી સમુદાયમાં સત્તા છે. રાવણની લંકા સળગાવતા વાર નહીં લાગે. વિપક્ષ સોશિયલ મીડિયા દ્વારા જુઠ્ઠાણા ફેલાવી રહ્યો છે જે કામ કરતું નથી.ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી સીએમ યોગીએ વિપક્ષ પર વધુ એક શાબ્દિક પ્રહારો કર્યા, યોગીએ કહ્યું, હાલમાં પશ્ચિમ ઉત્તર પ્રદેશમાં કંવર યાત્રા ચાલી રહી છે. કોંગ્રેસ, સમાજવાદી પાર્ટી અને બસપાની સરકારોના સમયમાં આ કંવર યાત્રા પર પ્રતિબંધ મુકવામાં આવ્યો હતોપ રોજગારી પણ આ યાત્રા સાથે જોડાયેલી છેપ અગાઉની સરકારોએ તેને રોકવાનું કામ કર્યું હતુંપ હું પૂછવા માંગુ છું કે શું કોંગ્રેસે ૬૦ વર્ષથી શાસન કર્યું છે, સપામાં સત્તામાં હતી? રાજ્ય ચાર વખત, શા માટે તેઓએ 'વન ડિસ્ટ્રિક્ટ વન પ્રોડક્ટ' (ઓડીઓપી) માટે કામ ન કર્યું.

## રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ની ભલામણોનો ગુજરાત વિદ્યાપીઠમાં અમલ

અમદાવાદ

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ની ભલામણોનો ગુજરાત વિદ્યાપીઠમાં અમલ થશે. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ની ભલામણોનો ગૂજરાત વિદ્યાપીઠમાં કઈ કઈ રીતે અમલ કરવામાં આવ્યો છે તે અંગેની એક આકારણી બેઠક આજરોજ ઉચ્ચ શિક્ષણમાં કાર્યરત સૌ અધ્યાપકોની સાથે કુલપતિ હર્ષદ પટેલની અધ્યક્ષતામાં હિરક મહોત્સવ ખંડમાં યોજાઈ ગઈ.

આ બેઠકમાં રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ના ગુજરાત વિદ્યાપીઠમાં અમલીકરણ માટેના નોડલ ઓફિસર ડૉ. દિપુબાએ ઉચ્ચ શિક્ષણમાં એ તમામ કાર્યો અને વિભાગો અંગે વિસ્તારથી જણાવ્યું જેમાં ગૂજરાત વિદ્યાપીઠે રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ના સૂચનોનો અમલ કર્યો છે. કુલપતિ ડો. હર્ષદભાઈએ આ અંગે અભિનંદન આપ્યા અને આનંદ વ્યક્ત કર્યો હતો.

ગુજરાત વિદ્યાપીઠના શૈક્ષણિક અને બિન શૈક્ષિણીક કર્મચારીઓને વિદ્યાકીય, નેતૃત્વ અને વ્યવસ્થાપનની તાલીમ મળી રહે તે ઉદ્દેશથી 'વ્યવસાયિક સજ્જતા મંદિર' (વ્યાસ)ની રચના કરાવામાં આવી છે. આ કાર્યની જવાબદારી શિક્ષણ મહાવિદ્યાલયના વરિષ્ઠ પ્રાધ્યાપક ડો. ભરત ભાઈ જોશીને આપવામાં આવી છે. આગામી તા. ૮,૯,૧૦ ઓગસ્ટ ૨૦૨૪ના રોજ 'વ્યાસ'ના ઉપક્રમે શૈક્ષણિક સેવકોની તાલીમ માટેનો પ્રથમ કાર્યક્રમ યોજાનાર છે. 'વ્યાસ'ના ઉપક્રમે થનાર તાલીમ ઈન હાઉસ, સ્ટેટ લેવલ અને નેશનલ લેવલે પણ યોજાશે અને તે માટે ઉચ્ચ કક્ષાના કાર્યક્રમો પણ યોજાશે

## દેશભરમાં સાવનનાં બીજા સોમવારની ઉજવણી, શિવ મંદિરોમાં ઉમટી ભક્તોની ભીડ

નવીદિલ્હી

સાવનનાં બીજા સોમવારને લઈને દેશભરમાં ઉત્તોજના જોવા મળી હતી. સવારથી જ ભકતો શિવ મંદિરોમાં જળ અર્પણ કરી પૂજા અર્ચના કરતા જોવા મળ્યા હતાં અનેક શ્રદ્ધાળુઓ ગંગા સહિત દેશની પવિત્ર નદીઓમાં ડૂબકી લગાવી છે. સમગ્ર દેશનું વાતાવરણ આજે શિવસમાન બની ગયું હતું અને લોકો ભગવાન શિવને પ્રસન્ન કરવા વિધિ-વિધાન સાથે પૂજા-પાઠમાં વ્યસ્ત જોવા મળ્યા હતાં

યુપી વારાણસીમાં, પવિત્ર સાવન મહિનાના બીજા સોમવારે કાશી વિશ્વનાથ મંદિરમાં પૂજા કરવામાં આવી આ પ્રસંગે ભકતોની ભારે ભીડ જોવા મળી હતી ઉત્તારાખંડના હરિદ્વારમાં શવનના બીજા સોમવારના અવસર પર ભકતો ગંગામાં ડૂબકી લગાવી છે. ગંગાના કિનારે ભકતોની ભારે ભીડ જોવા મળી હતી મહારાષ્ટ્રના બાબુલનાથ મંદિરમાં પૂજા અર્ચના કરવામાં આવી હતી અહીં મોટી સંખ્યામાં ભકતો ઉમટી પડયા હતાં.પવિત્ર સાવન મહિનાના બીજા સોમવારે મુંબઈના બાબુલનાથ મંદિરમાં ભકતોએ પ્રાર્થના કરી હતી. મધ્યપ્રદેશમાં પણ શિવ મંદિરોમાં ભક્તોની ભારે ભીડ જોવા મળી પવિત્ર સાવન મહિનાના બીજા સોમવારે, ભક્તોએ ગ્વાલિયરના કોટેશ્વર મંદિરમાં પ્રાર્થના કરી હતી.

## ધો. ૧ થી ૮ની ૩૦ હજારથી વધુ શાળાઓમાં બાળમેળા તથા જીવન કૌશલ્ય આધારીત બાળમેળા યોજાશે

ગાંધીનગર,

વિદ્યાર્થીઓમાં વિવિધ જીવન કૌશલ્યના વિકાસ હેતુ માટે રાજ્ય સરકાર સંકલ્પબદ્ધ છે. જે અંતર્ગત ધો. ૧ થી ૮ની ૩૦ હજારથી વધુ શાળાઓમાં બાળમેળા તથા જીવન કૌશલ્ય આધારીત બાળમેળાનું આયોજન કરવામાં આવ્યું છે. આગામી તા. ૩જી ઓગસ્ટે ધો. ૬ થી ૮ ના બાળકો માટે રાજ્યની શાળાઓમાં જીવન કૌશલ્ય આધારીત બાળમેળાઓ યોજાશે તેમ શિક્ષણ વિભાગની યાદીમાં જણાવાયું છે.



રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦માં કલા, ક્વીઝ, રમત ગમત અને વ્યાસાયિક હસ્તકલા સહિતની વિવિધ પ્રકારની સંવર્ધન પ્રવૃત્તિઓ માટે સમગ્ર વર્ષ દરમ્યાન બેગલેસ દિવસોને પ્રોત્સાહન આપવામાં આવ્યું છે. જેને અનુલક્ષીને જીસીઈઆરટી(ય્ઝ્રઈઇ્) દ્વારા વિદ્યાર્થીઓમાં વિવિધ જીવન કૌશલ્યોનો વિકાસ થાય તે માટે દર વર્ષે ધોરણ ૧ થી ૫ ના વિદ્યાર્થીઓ માટે બાળમેળા તથા ધોરણ ૬ થી ૮ ના વિદ્યાર્થીઓ માટે જીવન કૌશલ્ય આધારીત બાળમેળાનું આયોજન કરવામાં આવે છે. આ વર્ષે તા.૨૭ જુલાઈના શનિવારે ધો. ૧ થી ૫ ના બાળકો માટે બાળમેળો યોજાયો હતો.

બાળકોના સર્વાંગી વિકાસ તેમજ તેના જીવન ઘડતર માટે 'બાળમેળો' એ પાયાના પગથિયા સમાન છે. શાળાના બાળકો વિવિધ પ્રવૃત્તિઓથી અવગત થાય તથા આનંદદાયી અને પ્રવૃત્તિલક્ષી શિક્ષણ મેળવે તે હેતુસર વર્ષ ૨૦૦૧થી શાળામાં બાળમેળો અને લાઈફસ્કીલ મેળાનું આયોજન કરવામાં આવે છે. બાળમેળાના અને લાઈફસ્કીલ મેળાનાં આયોજન માટે જીસીઈઆરટી દ્વારા શાળાદીઠ બાળકોની સંખ્યાના આધારે રૂ. ૮૦૦ થી ૨૦૦૦ સુધીની ગ્રાન્ટ આપવામાં આવે છે.

રાજ્ય સરકાર દ્વારા સંચાલિત ધો. ૧ થી ૮ની ૩૦ હજારથી વધુ શાળાઓમાં બાળમેળાઓનું આયોજન કરવામાં આવે છે. બાળકમાં રહેલી સુષુપ્ત શક્તિઓને બહાર લાવવામાં તેમજ તેમની સર્જનાત્મક શક્તિઓને વિકસાવવા માટે બાળમેળો ખુબ જ ઉપયોગી બની રહે છે. ગુજરાતની સરકારી પ્રાથમિક શાળાઓ, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સંચાલિત શાળાઓ, મહાનગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સંચાલિત શાળાઓ, આશ્રમશાળા, કે.જી.બી.વી., મોડેલ સ્કૂલોમાં આ બાળમેળો અને જીવન કૌશલ્ય આધારીત મેળાની પ્રવૃત્તિઓ યોજાય છે.

બાળમેળા અને જીવન કૌશલ્ય આધારિત બાળમેળાની પ્રવૃત્તિઓ દ્વારા વિદ્યાર્થીઓ બાળવાર્તા, માટીકામ, રંગપૂરણી, હસ્તકલાની કામગીરી, ચીટકકામ, કાગળકામ, ગળીકામ, બાળવાર્તા આધારિત નાટક, વિવિધ જીવન કૌશલ્ય વિકાસની વિવિધ પ્રવૃત્તિઓ અને રમતોના માધ્યમથી વિદ્યાર્થીઓમાં રહેલી શક્તિઓને ઉજાગર કરવાનો પ્રયત્ન કરવામાં આવે છે.

## કોવિડની દવા છે 'કોરોનિલ', બાબા રામદેવના દાવાને ફટકો; હાઈકોર્ટે કહ્યું- યોગ ગુરુ પોતાનું નિવેદન પરત લે

નવીદિલ્હી,

યોગ ગુરુ બાબા રામદેવની વિરુદ્ધ અનેક ડોક્ટરોના સંગઠનોની અરજી પર સોમવારે હાઈકોર્ટમાં સુનાવણી હાથ ધરવામાં આવી હતી કે કોરોનિલ એ કોરોના રોગચાળાનો ઈલાજ છે. અરજીમાં ડૉક્ટર સંગઠનોએ આરોપ લગાવ્યો છે કે રામદેવ દ્વારા પ્રોડક્ટના વેચાણને વધારવા માટે ખોટી માહિતી આપવાનું અભિયાન ચલાવવામાં આવ્યું હતું. અગાઉ ૨૭ઓક્ટોબર ૨૦૨૧ના રોજ કોર્ટે રામદેવ અને અન્યને સમન્સ જારી કર્યા હતા.વિવિધ ડોકટરોના સંગઠનોની અરજી પર પોતાનો ચુકાદો આપતા,




દિલ્હી હાઈકોર્ટે બાબા રામદેવને કોરોનાને કારણે થતા મૃત્યુ માટે એલોપેથીને જવાબદાર ઠેરવતા અને કોરોનિલને પ્રોત્સાહન આપવાના તેમના દાવા પાછા ખેંચવાનો નિર્દેશ આપ્યો હતો.કોર્ટે એ પણ નિર્દેશ આપ્યો છે કે જો બાબા રામદેવ ત્રણ દિવસની અંદર પોતાનું નિવેદન પાછું નહીં ખેંચે તો સોશિયલ મીડિયા પ્લેટફોર્મ તેને તાત્કાલિક હટાવી લે.બાબા રામદેવ, તેમના સહયોગી આચાર્ય બાલકૃષ્ણ અને પતંજલિ આયુર્વેદ વિરૂદ્ધ પણ યોગ ગુરુ રામદેવ સામે અનેક ડોકટરોના સંગઠનો દ્વારા કોરોનિલને કોરોના મહામારીનો ઈલાજ હોવાના દાવા પર કેસ દાખલ કરવામાં આવ્યો હતો.અરજીમાં ડૉક્ટર સંગઠનોએ આરોપ લગાવ્યો છે કે રામદેવ દ્વારા પ્રોડક્ટના વેચાણને વધારવા માટે ખોટી માહિતી આપવાનું અભિયાન ચલાવવામાં આવ્યું હતું. આ વ્યૂહરચનામાં, કોરોનિલને કોરોના રોગચાળા માટે વૈકલ્પિક સારવાર હોવાનો દાવો કરવામાં આવ્યો હતો.નોંધનીય છે કે ૨૭ ઓક્ટોબર ૨૦૨૧ના રોજ કોર્ટે આ કેસમાં બાબા રામદેવ અને અન્ય લોકોને સમન્સ જારી કર્યા હતા. જસ્ટિસ એજે ભંભાણીની બેન્ચે ૨૧ મેના રોજ કેસની સુનાવણી કર્યા બાદ પોતાનો નિર્ણય સુરક્ષિત રાખ્યો હતો.

મહિસાગર, ખેડા આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા, નડીઆદ, કપડવંજ, કઠલાલ, ઠાસરા, માતર
પંચમહાલ સમાચાર

# મહિસાગર જીલ્લામાં સાર્વત્રિક વરસાદના કારણે ખેડૂતો ખુશ ખુશાલ : લુણાવાડામાં સાડા પાંચ ઈંચ વરસાદ



મલેકપુર,

જ્યારે સમગ્ર ગુજરાતમાં ચોમાસુ બેસી ગયું છે ત્યારે અત્યાર સુધી લુણાવાડામાં માત્ર એક ઈંચ જેટલો જ વરસાદ પડ્યો હતો. ત્યારે આજ રોજ રાતના ત્રણ વાગ્યાથી લઈને અત્યાર સુધી લુણાવાડામાં એકલો જ સાડા પાંચ ઈંચ વરસાદ પડી ગયો છે. જેના કારણે લુણાવાડામાં આવેલ સાંઈ બંગલોઝના કંપાઉન્ડ ની દિવાલ તેમજ વરધરી રોડ પર આવેલ ખેતીવાડીની કચેરી અને વાંટા ગામના પ્રાથમિક શાળાની પણ કમ્પાઉન્ડની દિવાલ તૂટી પડી હતી. આમ, બસ સ્ટેન્ડની સામે આવેલ સુવિધા હોસ્પિટલ વાળી ગલીમાં આવેલ હોસ્પિટલ તથા ઘરોમાં પાણી ભરાઈ ગયા હતા તથા તેમની આજુબાજુમાં આવેલ હોટલ રાધેની ગલીમાં આવેલ દુકાનોમાં પણ પાણી ભરાઈ ચૂક્યા હતા. જ્યારે લુણાવાડાના પશ્ચિમ વિસ્તારમાં આવેલ આદર્શ સ્કૂલની આજુબાજુના વિસ્તારોમાં અને રોડ પર પણ પાણી ભરાયા હતા. તદ્દઉપરાંત હિંડોલીયા થી રામપુર પાદેડી જવાના માર્ગ ઉપર ગામમાં જતો કોઝ વે પાણીમાં ગરકાવ થઈ ગયો હતો, તેના કારણે હિંડોલીયા ગામે જવાના માર્ગને બંધ કરવાની પરિસ્થિતિ ઉદ્ભવી હતી. સમગ્ર મહિસાગર જીલ્લાની વાત કરીએ ત્યારે ખાનપુર ૨.૫ ઈંચ, કડાણા ૧.૫ ઈંચ,સંતરામપુર ૨.૫ ઈંચ, લુણાવાડા ૫.૫ ઈંચ,બાલાસિનોર ૧ ઈંચ વરસાદ પડચો હતો. લુણાવાડામાં અત્યાર સુધી વરસાદ નહીવત પડચો હોવા છતાં નગરપાલિકા દ્વારા પાણીના નિકાલ માટે કોઈપણ પ્રકારની સુવિધાઓ સગવડો કરી ન હતી. જેના કારણે અનેક વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા હતા. જ્યારે લુણાવાડા ની આજુબાજુના વિસ્તારો ગામડાઓમાં વરસાદ પડવાથી જે પાક સુકાઈ રહ્યો હતો, તે હવે નવું જીવન પ્રાપ્ત થઈ રહ્યો છે. સમગ્ર મહીસાગર જીલ્લામાં વાતાવરણમાં ઠંડક પ્રસરી જેના કારણે મહીસાગર માં રહેતા રહીશો અને ખેડૂતોમાં ખુશીની લહેર થઈ હતી.

### ખેતીવાડી કચેરીની દીવાલ ધરાશાયી



લુણાવાડા શહેરમાથી પસાર થતો લુણાવાડા અમદાવાદ મુખ્ય હાઈવે પાણીમાં ગરકાવ થયો ત્યારે બીજી બાજુ ધોધમાર વરસાદ વરસવાના કારણે હાઈવે ની પાસે આવેલી ખેતીવાડી કચેરીની દીવાલ પણ ધરાશાયી થઈ

## મહીસાગર જીલ્લામાં આજદિન સુધી સરેરાશ કુલ ૩૦૬ મી.મી.વરસાદ નોંધાયો

મહીસાગર જીલ્લામાં આજરોજ સવારથી અત્યાર સુધી જીલ્લામાં કુલ ૫૭.૧૭ મી.મી. નવા નીરની આવક થઈ છે. જીલ્લામાં અત્યાર સુધીમાં સીઝનનો કુલ ૩૦૬ મી.મી. વરસાદ નોંધાયો છે. છેલ્લા ૨૪ કલાકમાં સૌથી વધુ વરસાદ લુણાવાડા તાલુકામાં ૧૨૪ મી.મી. નોંધાયો છે.તાલુકા મુજબ વિગતની વાત કરીએ તો મહીસાગર જીલ્લામાં તા.૨૯ મી જુલાઈ સવારથી ખાનપુર તાલુકામાં ૫૯ મી.મી, કડાણા તાલુકામાં ૩૦ મી.મી, સંતરામપુર તાલુકામાં ૬૦ મી.મી, લુણાવાડા તાલુકામાં ૧૨૪ મી.મી બાલાસિનોર તાલુકામાં ૨૬ મી.મી અને વિરપુર તાલુકામાં ૪૪ મી.મી.વરસાદ નોંધાયો છે. જીલ્લામાં ચાલુ વર્ષના મોસમના કુલ વરસાદની આજદિન સુધીની પરિસ્થિતિ જોઈએ તો ખાનપુર તાલુકામાં ૨૫૨ મી.મી, કડાણા તાલુકામાં ૩૦૫ મી.મી, સંતરામપુર તાલુકામાં ૩૭૪ મી.મી, લુણાવાડા તાલુકામાં ૩૩૨ મી.મી. બાલાસિનોર તાલુકામાં ૨૧૬ મી.મી. અને વિરપુર તાલુકામાં ૩૫૭ મી.મી.વરસાદ નોંધાયો છે.

## એ.આર.ટી.ઓ. લુણાવાડા ખાતે શાળાના બાળકોને લાવવા લઈ જવા ઉપયોગમાં લેવાતા મોટર વાહનો માટે હેલ્પ ડેસ્ક શરૂ કરવામાં આવી

મહીસાગર,

સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીની કચેરી, મહીસાગરની અખબાર યાદી જણાવે છે કે, તા–૩૦/૦૭/૨૦૨૪ થી તા– ૦૩/૦૮/૨૦૨૪ સુધી એ.આર.ટી.ઓ. મહીસાગર કચેરી ખાતે શાળાના બાળકોને લાવવા લઈ જવા ઉપયોગમાં લેવાતા મોટર વાહનો માટે હેલ્પ ડેસ્ક (ટ્રાન્સફર શાખા બારી નં–૨ (બે) ખાતે શરૂ કરવામાં આવેલ છે. હેલ્પ ડેસ્ક ૧૦ :૦૦ ફળ થી ૬:૦૦ pm સુધી કાર્યરત રહેશે. વધુમાં મોબાઈલ નંબર ૯૯૧૩૧૬૧૭૭૯ પર સંપર્ક કરી જરૂરી દસ્તાવેજો ની માહિતી તેમજ અન્ય બાબતો માટે કોલ કરી શકાશે.

## મોર્ડન હાયર સેકન્ડરી સ્કૂલ, સેવાલીયા ખાતે રોજગાર ભરતીમેળા તેમજ સ્વરોજગાર શિબિર યોજાશે

નડિઆદ,

જીલ્લા રોજગાર વિનિમય કચેરી, ખેડા–નડીઆદ દ્વારા રોજગારવાંચ્છુ ઉમેદવારોના લાભાર્થે તા.૩૧–૦૭–૨૦૨૪ નારોજ સવારે ૧૧:૩૦ કલાકે ધી મોર્ડન હાયર સેકન્ડરી સ્કૂલ, મું–સેવાલીયા, તા.ગળતેશ્વર, જી.ખેડા ખાતે રોજગાર ભરતીમેળા તેમજ સ્વરોજગાર શિબિરનું આયોજન કરવામાં આવેલ છે. આ રોજગાર ભરતીમેળામાં ખેડા જીલ્લાના તેમજ જીલ્લા બહારના નોકરીદાતાઓ દ્વારા કુશળ ઉમેદવારોની પ્રાથમિક પસંદગી કરવામાં આવશે. જેમાં ૧૮ થી ૩૦ વર્ષની ઉંમરના ધો. ૧૦–પાસ/ ૧૨–પાસ/ આઈ.ટી.આઈ– ટર્નર/ ફિટર/ ઇલેક્ટ્રીશીયન/ મોટરરિવાઈન્ડીંગ/ વાયરમેન/ વેલ્ડર તેમજ ડિપ્લોમા (મિકેનીકલ/ઈલેકટ્રીકલ) તથા B.com/M.com/M.B.A જેવી લાયકાત ધરાવતા ફકત શારીરિક સશક્ત ઉમેદવારો ભાગ લઈ શકશે. રોજગાર મેળવવા ઇચ્છુક ઉમેદવાર અનુબંધમ પોર્ટલ www.anubandham.gujarat.gov.in ઉપર રજીસ્ટ્રેશન કરી શકે છે. આ રોજગાર ભરતી મેળાનું અનુબંધમ જોબફેર આઇ.ડી JF705898589 છે. ભરતીમેળામાં અસલ પ્રમાણપત્રોની ઝેરોક્ષ નકલો અને બાયોડેટા સાથે લાવવાના રહેશે. આ ભરતીમેળામાં રોજગાર કચેરીમાં નામ નોંધણી કરાવેલ અને નોંધણી વગરના માત્ર ખેડા જીલ્લાનાં જ રોજગારવાંચ્છુ ઉમેદવારો ભાગ લઈ શકશે, એમ જીલ્લા રોજગાર અધિકારી દ્વારા જણાવાયું છે.

## વીરપુર થી બાલાસિનોર તરફ જતી એસ.ટી. બસ ચોરી પાટિયા પાસે પલ્ટી ખાધી



મલેકપુર,

મળતી વિગતો અનુસાર ટૂંક સમય પહેલા બાલાસિનોર ડેપોની ગઠળા સાળગપુર નવીન રૂઠ બસ સેવા મુસાફરો માટે ધારાસભ્ય માનસિંહ ચૌહાણ દ્વારા લીલીઝંડી આપી શરૂ કરાવામાં આવી હતી, પરંતુ આજરોજ ગઢડા –સાળંગપુર બસ વીરપુર થી બાલાસિનોર તરફ જઈ રહી હતી. તે સમય દરમ્યાન બસમાં ૫ જેટલાં મુસાફરો મુસાફરી કરી રહ્યા હતા, તે સમય દરમ્યાન વીરપુર થી બાલાસિનોર રોડ પર ચોરી પાટિયા પાસે રીક્ષા ચાલકને બચાવવા જતા બસના ડ્રાયવરે સ્ટેરીંગ પરનો કાબુ ગુમાવી બેસતા બસ રસ્તાની સાઈડમાં ખાબકી હતી અને આ ઘટનાની જાણ થતા આસપાસના લોકો ઘટના સ્થળે દોળી?

## પીએમ જવાહર નવોદય વિદ્યાલય કઠલાલ ખાતે વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો



બાલાસીનોર,

બાળકોમાં પર્યાવરણ જાગૃતિ વધારવાના ઉદ્દેશ્ય સાથે પીએમ જવાહર નવોદય વિદ્યાલય કઠલાલ ખાતેવૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો. જેમાં વિવિધ વૃક્ષોના કુલ ૨૦૦ છોડ વાવવામાં આવ્યા.આ પ્રસંગે કપડવંજ ધારાસભ્ય રાજેશ ઝાલા, ટીમ્બર્સ એસોસિએશનના પ્રમુખ, શાળા આચાર્ય જીતેન્દ્ર રચેતા, વન વિભાગના કર્મચારીઓ, શિક્ષકો વિદ્યાર્થીઓ, સહિત સમગ્ર શાળા પરિવારના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

## સંતરામપુરના ગોધરા ભાગોળ વિસ્તારમાં રખડતા પશુઓ રોડ ઉપર અડીંગો જમાવી દેતા બે વ્યકિતને ઈજાઓ



સંતરામપુર,

સંતરામપુર ગોધરા ભાગોળ વિસ્તારમાં રખડતા પશુઓ અને આખલાઓ આંતક મચાવ્યો. બે વ્યક્તિને સામાન્ય ઈજા થઈ પાલિકા તંત્ર દ્વારા રખડતા પશુઓનો થોડા સમય પહેલા પકડવા માટેનું ઝુંબેશ રહ્યો હતો. પરંતુ રખડતા પશુઓના માલિકો ફરીથી ગામની અંદર નગર ની અંદર રખડતા પશુઓની છૂટા મૂકી દેવામાં આવેલા હતા. તેના કારણે ફરીથી નગરના વિવિધ વિસ્તારોમાં રખડતા પશુઓ આંતક મચાવતા હોય છે. નગરના દરેક વિસ્તારની અંદર રોડની વચ્ચોવચ બેસી જતા હોય ત્યારે ટ્રાફિક સમસ્યા પણ સર્જાતી હોય છે. જ્યારે બીજી બાજુ ચોમાસા દરમિયાન રોડ ઉપર જ ચારે બાજુ બગાડ કરીને ગમતી ફેલાવી રહેતા હોય છે. એસટી ડેપોમાં કોમ્પ્લેક્સમાં સરકારી કચેરીઓમાં દરેક જગ્યાએ બેસીને ખરાબ કરી મૂકતા હોય છે. દિન પ્રતિદિન રખડતા પશુઓના ત્રાસથી લોકો ત્રાહિમામ પુકારી ઊઠ્યા છે. આજે સવારે ગોધરામાં પણ વિસ્તારમાં કલાકો સુધી બે આખલાઓ બાખડતા આંતક મચાવેલો હતો. માંડમાંડ સ્થાનિક લોકોએ ડંડાઓ વડે છુટા પડચા હતા. તેવી પરિસ્થિતિ જોવા મળી આવેલી હતી. કેટલાક વાહનોને નુકશાન પણ કર્યું હતું. ફરીથી નગરપાલિકા દ્વારા રખડતા પશુઓ પકડવા માટેની ઝુંબેશ કરવામાં આવે તેવી નગરજનો ઈચ્છી રહ્યા છીએ.

## બાલાસિનોરના જનોડ કોતર ગામમાં ગેરકાયદેસર માટીની ચોરી



બાલાસિનોર,

બાલાસિનોર તાલુકાના જનોડ ગામની કોતરમાં કેટલાય સમયથી માટીની ચોરી થતી હોવાના ગ્રામજનો દ્વારા આક્ષેપો થઈ રહ્યા હતા. ત્યારે જનોડ ગામમાં કોતર પાસે ધોળા દિવસે બિનઅધિકૃત માટી ચોરી કરી ટ્રેકટરમાં ભરતા હોવાનુ સામે આવ્યુ હતુ.માટી ચોરી કરીને ગ્રામજનોને વેચાતી અપાતી હોવાના આક્ષેપો થઈ રહ્યા છે.

જનોડ ગામમાં કોતરમાં છેલ્લા કેટલાય સમયથી માટી ચોરી થતી હોવાનુ ગ્રામજનોમાં દેખાઈ રહ્યુ છે. પરંતુ અધિકારીઓને નથી દેખાઈ રહ્યુ.જનોડ ગામન કોતરમાં બેફામ માટી ચોરી થાય છે. જે બાબતે થોડાક સમય પહેલ એક જાગૃત નાગરિક દ્વાર મહિસાગર ખાણ ખનીજ અધિકારી ચંદ્રેશ પરમારને ટેલિફોનીક ફરિયાદ કરવામાં આવી હતી. તેમ છતાં કોઈપણ જાતની તપાસ કે કાર્યવાહી કરવામાં ન આવતા ખાણ ખનીજ તંત્રની કામગીરી ઉપર ગ્રામજનોમાં અનેક સવાલો ઉભા થયા છે ત્યારે તંત્ર દ્વારા કડક હાથે કાર્યવાહી કરવામા આવે તે જરૂરી બન્યુ છે.

## આપની આજ.......

મેષ:આજનો દિવસ તમારા માટે શુભ ફળ આપનારો છે અને પિતાના આશીર્વાદ-ઉચ્ચ અધિકારીઓના આશીર્વાદથી કોઈ કિંમતી ચીજવસ્તુ અથવા સંપત્તિ મેળવવાની ઈચ્છા આજે પૂર્ણ થશે.

વૃષભ:તમારા માટે આજનો દિવસ સારો છે અને તમને અન્યની મદદ કરવામાં વધુ આનંદ મળે છે. આજનો દિવસ તમારો દાનમાં વિતાવશો.

મિથુન:આજે તમને ગ્રહોની શુભ સ્થિતિને કારણે મોટી રકમ મળશે અને અટકેલા કામ પૂરા થતા મનમાં સંતોષ થશે. વ્યાવસાયિક યોજનાઓમાં વેગ મળશે. રાજ્યનું સન્માન અને પ્રતિષ્ઠા વધશે.

કર્ક: આજનો દિવસ આનંદદાયક છે. પરિવાર સાથે સારો સમય પસાર કરશો. આજે તમે તમારી પત્ની અને બાળકો સાથે કંઈક સર્જનાત્મક કરશો. બપોર સુધીમાં ખુશખબર પણ મળશે.

સિંહ:આજે તમારી રાશિમાં ગ્રહોના જોડાણને કારણે શુભ સંયોગો થઈ રહ્યા છે. પરિણામે વૃદ્ધ લોકોની સેવા અને શુભ કાર્યો પર પૈસા ખર્ચ કરવાને કારણે મનમાં આનંદ થશે. તમે તમારા હરીફો માટે માથાનો દુ:ખાવો સમાન રહેશો.

કન્યા:આજનો દિવસ તમારા માટે સારા પરિણામ આપવાનો છે. નાણાકીય પક્ષ મજબૂત રહેશે. અટકેલા કામો પૂરા થશે અને ખ્યાતિ વધશે. પ્રિયજનો સાથે મુલાકાત થશે અને મન પ્રસન્ન રહેશે.

તુલા:આજનો દિવસ શુભ છે અને શિક્ષણ-સ્પર્ધાના ક્ષેત્ર સાથે જોડાયેલા લોકોને વિશેષ સિદ્ધિઓ મળશે. આવકના નવા સ્ત્રોત સર્જાશે. અન્ય લોકો સાથે વાત કરવાની તમારી રીત અને તમારી પ્રામાણિકતા તમને વિશેષ માન આપશે.

વૃશ્ચિક:આજનો દિવસ તમારા માટે અનુકૂળ પરિણામ આપવાનો છે. રાજકીય ક્ષેત્રે અકાળે સફળતા પ્રાપ્ત થશે અને બાળકો પ્રત્યેની જવાબદારી પણ પૂર્ણ થશે.

ધન:આજનો દિવસ ખાસ રહેશે અને તમારા વિવાહિત જીવનમાં ખુશીઓ વધશે. આજે મુસાફરી થઈ શકે છે, પરંતુ સલામતીનું ખાસ ધ્યાન રાખો. ધંધામાં વધતી પ્રગતિથી ખુબ ખુશી થશે.

મકર:આજનો દિવસ તમારા માટે વ્યસ્ત પરંતુ ફાયદાકારક સાબિત થઈ શકે છે. આજે ઘરની વસ્તુઓ ખરીદવામાં સમય લાગી શકે છે. સાંસારિક આનંદ માણવાના માધ્યમોમાં વધારો થશે.

કુંભ:આજે અચાનક શરીરના દુ:ખાવાને લીધે વધુ ખર્ચ કરવાની સ્થિતિ આવી શકે છે. કોઈ મિલકત ખરીદતી વેચતી વખતે તેના તમામ કાયદાકીય પાસાઓને ગંભીરતાથી ધ્યાનમાં લો. પાછળથી દગો થઈ શકે છે.

મીન:આજે તમે જે કાર્યો તમે વિચાર્યા હતા તે પૂર્ણ કરી શકશો. આર્થિક સ્થિતિ પહેલા કરતા સારી રહેશે. વ્યવસાયમાં પરિવર્તનની યોજના છે. તમને સ્પર્ધાત્મક પરીક્ષામાં સફળતા મળશે અને તમારા બાળકો તમારી સાથે ખુશ રહેશે.

# ભારે વરસાદથી સંતરામપુરની ચિબોટા નદી બે કાંઠે



સંતરામપુર,

વહેલી સવારથી મહીસાગર જીલ્લામાં ધોધમાર વરસાદ વરસી રહ્યો છે. ત્યારે સંતરામપુર શહેર માંથી પસાર થતી ચીબોટા નદીમાં નવા નીરની આવક થઈ છે. ચીબોટા નદી હાલ બંને કાંઠે વહી રહી ભારે વરસાદના કારણે કાચા મકાનાની દીવાલ ધરાસા ધોધમાર વરસાદને લઈ અનેક સ્થળેથી નુકસાનીના સમાચાર સામે આવી રહ્યા છે. ત્યારે જીલ્લાના કડાણા તાલુકાના નવી ગોધર ગામે એક કાચા ઘરની દિવાલ ધરાસાય થઈ હતી. ધોધમાર વરસાદના કારણે એકાએક મકાનની દિવાલ ધરાસાય થઈ છે. સદનસીબે આ ઘટનામાં કાચા મકાનમાં રહેતા પરિવારનો આબાદ બચાવ થયો છે. આ મકાનમાં અંદાજીત સાત જેટલા લોકો રહેતા હતા. જેઓનો આબાદ બચાવ થયોવરસાદ પડતા જ દર માંથી સાપ બહાર નીકળ્યા. મહીસાગર જીલ્લામાં એક બાજુ મેઘરાજા મન મૂકીને વરસી રહ્યા છે, જેના કારણે જનજીવન પ્રભાવિત થયું છે. બીજી બાજુ સરિસૃપ જીવો પણ વરસાદના પાણીમાં દરમાંથી બહાર નીકળી રહ્યા છે. ત્યારે આજે લુણાવાડા તાલુકા પંચાયતની સામેની દુકાનમાં એક ધામણ સાપ નીકળ્યો હતો. પર્યાવરણ પ્રેમી મુકેશ પટેલે આ સાપનું રેસ્ક્યુ કરી દૂર સલામત સ્થળે છોડી મૂક્યો હતો. ઉલ્લેખનીયા છે કે, ધામણ સાપ એ બીનજેરી પ્રજાતિનો સાપ કહેવાય છે. પરંતુ તેનું કદ અને આકાર જોતાં જ લોકો ડરી જતા હોય છે.તો આજે વહેલી સવારે લુણાવાડા શહેરની પ્રણામી સોસાયટીમાં પણ બે થી ત્રણ જગ્યાએ રહેણાંક વિસ્તારમાં સાપ ઘૂસી આવ્યાની ઘટનાઓ સામે આવી છે. જવાનો માર્ગ કોઝવે પર પાણી ફરી વળતા બંધ થયો સંતરામપુર માં વહેલી સવારથી જે રીતે ધોધમાર વરસાદ વરસી રહ્યો છે, જેને લઈ અનેક નદી નાળાઓ છલકાયા છે. સંતરામપુર તાલુકાના છેવાડે આવેલ નાની ભુગેડી ગામ જવાનો કોઝવે હાલ પાણીમાં ઘડકાવ થયો છે. દાહોદ જીલ્લાના સંજેલી તરફ જવાનો માર્ગ કોઝવે પર પાણી ફરી વળવાના કારણે બંધ થયો છે. સુખી નદીના પાણી કોઝવે પર ફરિવળતા રોડ બંધાયો છે. સંતરામપુર તાલુકામાં બપોરે ૧૨ વાગ્યા સુધીમાં ૫ ઈંચ જેટલો વરસાદ ખાબક્યો છે. દાહોદ અને મહીસાગર જીલ્લાના સરહદે આવેલું ગામ કોઝવે પર પાણી ફરી વળતા સંપર્ક વિહોણું બન્યું છે.કોઝવે પર નદીના પાણીના પ્રવાહમાં ઝાડ પણ ઘસી આવ્યા છે.બીજી તરફ સીઝનમાં પ્રથમ વખત સુખી નદીમાં પુર આવતા ગ્રામજનો પણ કોઝવે ખાતે નવા નીર જોવા માટે પોહચ્યા હતા.જે રીતે હવામાન વિભાગ દ્વારા મધ્ય ગુજરાતમાં ભારે વરસાદની આગાહી કરવામાં આવી હતી. ત્યારે આજે વહેલી સવારથી જ મહીસાગર જીલ્લામાં ધોધમાર વરસાદ વરસી રહ્યો છે. જીલ્લાના મુખ્ય મથક લુણાવાડા શહેર સહિત જીલ્લાના અન્ય તાલુકા ખાનપુર સંતરામપુર સહિતના વિસ્તારોમાં મેઘરાજા મહેરબાન થયા છે. અને ધમાકેદાર બેટિંગ કરી રહ્યા છે. ત્યારે જીલ્લાના મુખ્ય મથક લુણાવાડા શહેરમાં ચાર કલાકમાં સાડા પઈંચ વરસાદે જ્યાં જુવો ત્યાં પાણી પાણી કરી દીધું છે. શહેરમાંથી પસાર થતાં મુખ્ય સ્ટેટ હાઈવે હાલોલ શામળાજી રોડ પરના કે જ્યાં હાઈવે માર્ગ પર ભારે પાણી ભરાયા છે. જેના કારણે આખો હાઈવે પાણીમાં ગરકાવ થયો છે. બીજી તરફ લુણાવાડા શહેરના નીચાણવાળા વિસ્તારો માંડવી બજાર, હુસેની ચોક, ગોળ બજાર સહિતના વિસ્તારોમાંથી ઢીંચણ સમા પાણી ભરાયા હતા. બીજી તરફ વરધરી રોડ ઉપર આવેલ જયનગર સોસાયટી, યોગેશ્વર સોસાયટી સહિતની અલગ અલગ સોસાયટીઓમાં પણ વરસાદી પાણી ઘૂસી ચૂક્યા હતા. જ્યારે લુણાવાડા થી અમદાવાદને જોડતા હાઈવે માર્ગ પર પણ પાણી ફરી વળ્યા હતા. જેના કારણે લોકોને ભારે હાલાકીનો સામનો કરવાનો વારો આવ્યો છે. સંતરામપુર કોલેજ રોડ વિસ્તારમાં આવેલા આનંદ નગર સોસાયટીમાં પાણીનો નિકાલ ના હોવાના કારણે લોકોના ઘરોમાં પાણી ભરાયા આખી રાત લોકો પાણી ઘરમાં ભરાઈ રહે તે માટે બહાર બેસી રહ્યા હતા તેવી પરિસ્થિતિ જોવા મળી હતી. સંતરામપુર કોલેજ રોડ વિસ્તારમાં કોમ્પ્લેક્સ કોલે દળવાની ઘંટીમાં દરેક જગ્યાએ પાંચ પાંચ દસ ફૂટ પાણી ભરાઈ ગયું હતું. વર્ષોથી આનંદ નગર સોસાયટીમાં પાણીનો નિકાલ ના હોવાના કારણે દર વર્ષે જો આ વખતે પણ લોકોના ઘરમાં પાણી ભરાઈ ગયું હતું. ઘર માંથી બહાર નીકળવું લોકોને ભારે હાલાકી પડેલી હતી. પાણી કરવા માટેનું નાડુંવર્ષોથી પુરાણ કરીને તેને બંધ કરી દેવામાં આવેલું હતું. સોસાયટી વિસ્તાર રજૂઆત કરવા છતાં નિકાલ પણ કરવામાંઆવી રહ્યોસંતરામપુર તાલુકાના ગાડીયા સીર શણબાર નાની ભુગેડી સંતરામપુર તાલુકાના ગામોમાં ચારે બાજુ પાણી ભરાઈ ગયા હતા. કાળીયા નરસિંગપુરનો ફરીથી નાનું ડૂબી જતા રસ્તો બંધ થઈ ગયો તેવી પરિસ્થિતિ જોવા મળી આવેલી હતી. દિવસ પર સતત વરસાદ ચાલુ રહેતા ધંધામાં મોટી અસર જોવાય હતી.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર
પંચમહાલ સમાચાર

# મધ્યપ્રદેશના પરસવાડા શેરવી નજીક દાહોદ તરફ ડાંગર ભરી આવતી ટ્રકને ૧૧ કેવી વીજ લાઈનને અડી જતાં ડ્રાઈવર અને કિલનરનું મોત

દાહોદ,

મધ્યપ્રદેશના બાલાઘાટ જીલ્લાના પરસવાડા શેરવી નજીક ડાંગર ભરીને દાહોદ તરફ આવતી ટ્રક ૧૧ KV લાઈનને સ્પર્શતા સર્જાયેલી ઘટનામાં દાહોદ શહેરના ઘાંચીવાડાના ડ્રાઈવર અને કિલનરનુ વીજ કરંટથી મોત નીપજયા હોવાનુ જાણવા મળેલ છે. ઘટનાના પગલે લામતા પોલીસ ઘટના સ્થળે દોડી આવી હતી અને MPEB ને જાણ કરી વીજ સપ્લાય બંધ કરી મરજનાર બંને વ્યકિતઓના મૃતદેહોને પીએમ અર્થે નજીકના હોસ્પિટલ ખસેડી વધુ તપાસ હાથ ધરી છે.



પ્રાપ્ત માહિતી અનુસાર દાહોદ શહેરના ઘાંચીવાડા ખાતેના રહેવાસી સાદિક શબ્બીર હાસા કલીનર તેમજ સાજીદ ખાન પઠાણ રહે.ઘાંચીવાડ ચાલક દાહોદ થી બાલાઘાટ જીલ્લાના શેરવી ખાતેના રહેવાસી પ્રહલાદભાઈ બોપચેના ઘરે ડાંગર ભરવા Gj-20-X-8555 નંબરની ટ્રક લઈને ગયા હતા. ત્યાંથી પરત ડાંગર ભરીને દાહોદ આવવા નીકળ્યા હતા તે સમયે રસ્તામાં સેરવી પંચાયત નજીક પહોંચ્યા હતા. જ્યાં પસાર થતી ૧૧ kv લાઈન જોડે ટ્રકને સ્પર્શતા વીજ કરંટના લીધે ઉપરોક્ત બંને ચાલક અને કલીનરનું ઘટના સ્થળે મોત નીપજ્યું હતું. આ ઘટના બાદ સ્થાનિક લોકોએ પોલીસને જાણ કરતા લામતા પોલીસ મથકના પી.એસ.આઈ દિલીપ કરણે તેમજ પોલીસ જવાનો ઘટના સ્થળે પહોંચ્યા હતા અને MPEB બોર્ડને જાણ કરી વીજ સપ્લાય બંધ કરવામાં આવ્યો હતો. ત્યારબાદ બંને ડ્રાઈવર અને કલીનરના મૃતદેહોને પી.એમ. અર્થે નજીકના હોસ્પિટલ ખાતે ખસેડ્યો હતો. ઘટનાના પગલે સ્થાનિક ધારાસભ્ય મધુ ભગત પણ ઘટના પહોંચ્યા હતા અને વીજ વિભાગ સામે નારાજગી વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, ઘટના દર્દનાક છે. જેમાં દાહોદના બે વ્યકિતઓના મોત થયા છે. તેઓએ એમપીઈબીને જાણ કરી નિર્દેશ આપ્યા હતા કે તેમની વિધાનસભા મત વિસ્તારમાં જે પણ ગામે વીજ પાવર નીચે લટકતા હોય તેમને તાબડતોડ પૂજા કરો જેથી કરીને આવી દુર્ઘટના ફરી ન થાય. જોકે, હાલ મરણજનાર પરિવારજનો સેરવી ખાતે પહોંચશે. ત્યારબાદ બંનેના મૃતદેહનું પીએમ કરાશે. હાલ પોલીસે અકસ્માત અંગેનો ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# સંજેલીના વાસીયામાં ગૌચર જમીનોના દબાણ લેન્ડગ્રેબિંગ કાયદા હેઠળ દુર કરવામાં આવે તેવી માંગ

સંજેલી,

સંજેલી તાલુકાની વાસીયા ગ્રામ પંચાયતમાં આવેલા સર્વે નં-૧૧૧માં ગૌચર પરના દબાણો દુર કરી ગુજરાત જમીન પચાવી પાડવાના કાયદા હેઠળ કાર્યવાહી કરવાની માંગ સાથે ગામના જાગૃત નાગરિક દ્વારા તલાટી, મામલતદાર અને ટીડીઓને લેખિત રજુઆત કરાઈ છે.

હાલમાં જ મુખ્યમંત્રી દ્વારા કલેકટરને ગૌચર અને સરકારી પડતર પરના દબાણો દુર કરવા માટે ટકોર કરાઈ છે. જેવા જિલ્લા અધિકારી દ્વારા તાલુકાના અધિકારીને પોતાના પંચાયત વિસ્તારમાં આવેલ ગૌચર પરના દબાણો અને સરકારી દબાણો માપણી કરી અને દુર કરવા માટે સુચનાઓ આપી છે. જેના આધારે સંજેલી પંચાયત સફાળુ જાગ્યુ છે. અને બેઠક યોજાઈ તાત્કાલિક દબાણો ખુલ્લા કરવા માટે માપણી ફી ભરી દબાણો ખુલ્લા કરવા માટેના ઠરાવ કરવામાં આવ્યા છે. ત્યારે ગૌચર પર કરેલુ તેમનુ દબાણ દુર કરે તેવી વાસિયા સહિત સંજેલી તાલુકાના દબાણો માટે અવાર નવાર ગામના જાગૃત નાગરિક દ્વારા રજુઆતો કરાઈ છે. આ માથાભારે ઈસમો દ્વારા ગૌચર પર દબાણો કરી અને નજીકમાં જ ખેડુતોના પોતાના માલિકીના ખેતરમાં પણ હેરાન પરેશાન કરતા હોવાથી પંકજકુમાર ચેતનભાઈ મછારે ગૌચર સર્વે નં-૧૧૧ પરના દબાણો દુર કરવા અને દબાણ કરનાર સામે લેન્ડગ્રેબિંગ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરવા માટે ગ્રામ પંચાયત તેમજ તાલુકા અધિકારીને લેખિત રજુઆત કરતા ખળભળાટ મચી જવા પામ્યો છે.

# સંજેલી તાલુકામાં મધ્યાહન ભોજન સંચાલકની ભરતીમાં પ ઉમેદવારોએ મામલતદારને રજુઆત કરી

સંજેલી,

સંજેલી તાલુકાના થાળા સંજેલી, માંડલી, પીછોડા, બોડીયાભીત, કલ્યાણપુરા, અને નાના કાળીયા ડોકી મધ્યાહન ભોજન કેન્દ્રમાં સંચાલક તરીકે ભરતી પાડી હતી. જેમાં ૨૭ જુનના રોજ સંજેલી મામલતદાર જે.પી.પટેલ દ્વારા ડોકયુમેન્ટ ચકાસણી કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. જેમાં તમામ ઉમેદવારોએ ઉપસ્થિત રહી અને વિધવા અને અપંગના હોવાનો આધારા પુરાવા પણ રજુ કર્યા હતા. મામલતદારે નિવૃત્ત થતા પહેલા વિધવા મહિલાઓ સાથે અન્યાય કરી અન્ય મેરીટમાં ન હોવા છતાં પણ મહિલાઓને સંચાલકના ઓર્ડર આપી દેતા તાલુકામાં ચર્ચાનો વિષય બન્યો હતો. ત્યારે છ સંચાલકોની ભરતીમાં નારાજ થયેલા વિધવા તેમજ અપંગ અને અન્ય એક મળી પાંચ ઉમેદવારોએ ઝાલોદ પ્રાંતના દ્વાર ખખડાવ્યા છે.૩૦મીના રોજ સંજેલી મામલતદારે હાજર રહેવાનુ ફરમાન કર્યુ છે. ઝાલોદ પ્રાંતના દ્વાર ખખડાવતા ૩૦મીના રોજ સંજેલી મામલતદારને હાજર રહેવા ઝાલોદ પ્રાંત અધિકારીએ નોટિસ પાઠવી હતી.

# ગરબાડાના પાટીયા ઝોલ પુલ પાસે શાકભાજી ભરી જતી પીકઅપ ગાડી રેલીંગ કુદી ખાડામાં ખાબકતા ચાલકને ઈજાઓ



દાહોદ,

દાહોદ જીલ્લાના ગરબાડાના દાહોદ અલીરાજ હાઈવે પર અવારનવાર અકસ્માત બનવાની ઘટના બનતી હોય છે. જેમાં ગત રાત્રિના સમયે વધુ એક અકસ્માતની ઘટના બની હતી. જેમાં પાટીયાઝોલનાં પુલ પર રાત્રિના સમયે મધ્યપ્રદેશના કૂક્ષીથી શાકભાજી ભરીને રાજેસ્થાન તરફ જતી પીકપ ગાડીના ચાલકે સ્ટેરીંગ પરથી કાબુ ગુમાવતા અકસ્માત સર્જાયો હતો. જેમાં પીકપ ગાડી રેલીંગ કૂદીને નીચે ખાબકી હતી. આ ઘટનામાં ડ્રાયવરને માથાના ભાગે ઈજા થઈ હતી. અકસ્માતની જાણ પોલીસ ને થતા પોલીસ પણ ઘટના સ્થળે પહોંચી હતી અને આગળની કાર્યવાહી હાથ ધરી હતી. ઉલ્લેખનીય છે કે આ જગ્યાએ અવારનવાર અકસ્માત સર્જવાની ઘટનાઓ બનતા આ પુલ અકસ્માત ઝોન તરફ આગળ વધી રહ્યો છે.

# ફતેપુરા તાલુકાના સુખસર થી ઝાલોદ જતા હાઈવે માર્ગ ઉપર બનાવવામાં આવેલ ખારી નદીના નવીન પુલ ઉપર ભ્રષ્ટાચારના પોપડા ઉખડતા જાનહાનીનો ભય

ફતેપુરા,

ફતેપુરા તાલુકામાં કેટલાક જાહેર ડામર માર્ગો લાંબા સમયથી મરામતના અભાવે ખાડા ખાબોચિયા યુક્ત બની ચૂક્યા છે. જેના લીધે ગ્રામ્ય વિસ્તારોમાં વાહન ચાલકો વાહન ઉપર બેસી ડિસ્કો કરતા હોય તેવા દ્રશ્યો નજરે પડે છે અને જેમાં કેટલીક વાર વાહનો સ્લીપ થવાના અને ટુ વ્હીલર જેવા વાહન પાછળ સવાર રોડ ઉપર પટકાવાના બનાવો સામાન્ય થઈ પડયા છે. જેથી વાહનોની આવરદા ઘટવાની સાથે વાહન ચાલકો અને તેમાં સવાર લોકો અકસ્માતનો ભોગ બની રહ્યા છે. તેવી જ રીતે એક વર્ષ અગાઉ સુખસર થી પસાર થતા હાઈવેની મારમત કામગીરી સહિત સુખસર ખારી નદીના પુલ ઉપર નવીન બનાવવામાં આવેલ પુલમાં ખાડા પડતા તથા માર્ગની વચ્ચે



બનાવવામાં આવેલ ડીવાઈન્ડર તૂટી જતા કોન્ટ્રાકટર અને વહીવટી તંત્ર દ્વારા આચરવામાં આવેલ ભ્રષ્ટાચારની ચાડી ખાતા અટ્ટહાસ્ય કરતા હોય તેવી પ્રતીતિ થઈ રહી છે.

જાણવા મળેલ વિગતો મુજબ ફતેપુરા તાલુકાના સુખસરથી પસાર થતા હાઈવે માર્ગની એક વર્ષ અગાઉ કરોડો રૂપિયાના ખર્ચે નવીનીકરણ કામગીરી કરવામાં આવી હતી. જેમાં સુખસર ખારી નદી ઉપર નવીન પુલ બનાવવામાં આવ્યો હતો. જે પુલ ચોમાસાના પહેલા વરસાદે વહીવટી તંત્ર અને કોન્ટ્રાક્ટરની પોલ છતી કરી દીધી છે.તેમાં સુખસર ગામથી પસાર થતા હાઈવે માર્ગની વચ્ચે ડીવાઈન્ડર બનાવવામાં આવ્યા હતા. આ ડિવાઈન્ડર તૂટી જવા પામ્યા છે.જ્યારે ખારી નદી ઉપર બનાવવામાં આવેલ નવીન પુલ વચ્ચે ખાડા પડી જતાં ભારધારી વાહનો તથા ટુ વ્હીલર વાહનો આ ખાડામાં પડે તો વાહન અકસ્માત થવાનો ભય પણ વધી ગયો છે. જેથી વહેલી તકે આ પુલની મરામત કામગીરી કરવામાં આવે અને તૂટી ગયેલ ડિવાઈન્ડરને નવેસરથી બનાવવામાં આવે તે જરૂરી જણાય છે.

અહીંયા જણાવવું જરૂરી છે કે, જ્યારે સુખસર થી પસાર થતાં હાઈવે માર્ગની નવીનીકરણ કામગીરી ચાલુ હતી.તેવા સમયે સ્થાનિક પત્રકારોએ અનેકવાર દૈનિક સમાચાર પત્રોમાં સમાચારો આપી વહીવટી તંત્ર સહિત સ્થાનિક આગેવાનોને વાકેફ કરવાના પ્રયત્નો કર્યા હતા. પરંતુ આ માર્ગની કામગીરી બાબતે સૌ કોઈએ આંખ આડા કાન કર્યા હતા અને હાલમાં ડિવાઈન્ડર તથા ખારી નદીના પુલને પ્રત્યક્ષ જોતા પરિણામ જોવા મળી રહ્યું છે!



ગરબાડામાં પોલીસ મથકની પાસે જ પિકપ સ્ટેન્ડ પર જવાના રસ્તા પર કાયમ ગટરનું દૂષિત પાણી ભરાઈ રહેતું હોય અગાઉ આ જગ્યા ઉપર સમસ્યાનું નિવારણ લાવવા માટે કોંક્રીટ નખાવાના બદલે માટી નખાવી દીધી હતી. હાલમાં અહીંયા ખાડા અને કીચડનું સામ્રાજ્ય જોવા મળી રહ્યું છે. જેના કારણે વાહન ચાલકોને ભારે હલાકીનો સામનો કરવો પડી રહ્યા છે.

# દાહોદ જીલ્લામાં ઝાલોદ તાલુકામાં આવેલો માછણનાળા ડેમ ૭૦% ભરાયો જેને પગલે હાઈ એલર્ટ



દાહોદ,

વરસાદની આગાહીના પગલે તાજેતરમાં અવિરતપડી રહેલા વરસાદના કારણે દાહોદ જીલ્લાના ઝાલોદ તાલુકાના માછણ નાળા ડેમમાં ૭૦% ટકા પાણીની આવક થતાં અગમચેતીના ભાગરૂપે સાત ગામોને એલર્ટ કરવામાં આવ્યા હતા. આ ડેમની પૂર્ણ સપાટી ૨૭૫.૯૦૦ મીટરની છે. આજે તા.૨૯/૦૭/૨૦૨૩ના રોજ ૭૦% પાણી ભરાયા છે. ડેમ પાણીથી હાલ છલોછલ ભરેલો છે. ઉપરાંત હજીપણ પાણીની આવક વધવાની શકયતાએ હાલની સપાટી હાઈ એલર્ટ સ્ટેજના લેવલે થયેલ છે.

આ શક્યતાઓને ધ્યાને લઈને જીલ્લા કલેક્ટર ડો યોગેશ નિરગુડે અને ડિઝાસ્ટર શાખા મામલતદાર દ્વારા ડેમના નીચવાસના ઝાલોદ તાલુકાના ભાનપુર, ચિત્રોડિયા, ધાવડીયા, મહુડી, માંડલીખુટા, મુનખોસલા અનેથેરકાએમમળી કુલ સાત ગામોને સાવચેતીના પગલાલેવા સબંધિત સ્થાનિક લોકોને, ગ્રામ પંચાયત તેમજ તલાટી કમ મંત્રી, મામલતદાર, પ્રાંત અધિકારી તેમજતાલુકા વિકાસ અધિકારીને સૂચના આપવામાં આવી છે, તેમ મામલતદાર ડિઝાસ્ટરની એક અખબારી યાદીમાં જણાવાયું છે.

# દાહોદના કાળી તળાઈ બસ સ્ટેશન પાસેથી દેશી કટ્ટા અને ૪ જીવતા કારતુસ સાથે ઈસમ ઝડપ્યો

દાહોદ,

દાહોદ તાલુકા પોલીસે કાળી તલાઈ બસ સ્ટેશન પાસેથી દેશી હાથ બનાવટનો કટ્ટો તથા ચાર જીવતા કારતુસ સાથે એક શંકાસ્પદ લાગતા ઈસમને ઝડપી પાડી વધુ પૂછપરછ હાથ ધરી હોવાનું જાણવા મળ્યું છે. પોતાના ઉપરી અધિકારીની સૂચનાથી પોતાના સ્ટાફના પોલીસ કર્મીઓની ટીમને સાથે લઈ પેટ્રોલિંગમાં નીકળેલા દાહોદ તાલુકા પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ એ.ડી.સોનેરીને ખાનગી રાહે બાતમી મળી હતી કે, ગુલાબી કલરની ટીશર્ટ પહેરેલ એક ઈસમ કાળી તળાઈ બસ સ્ટેશન પાસે ગેરકાયદેસર હથિયાર લઈને બેઠેલ છે. જે બાતમીને આધારે પીએસઆઈ એ ડી સોનેરી પોતાના સ્ટાફના પોલીસ કર્મીઓની ટીમને લઈ બાતમી વાળી જગ્યાએ દોડી ગયા હતા અને ત્યાં બેઠેલ ગુલાબી કલરની ટીશર્ટ પહેરેલ શંકાસ્પદ ઈસમને વ્યુહાત્મક યુક્તિ પ્રયુક્તિ કરી ચારે બાજુથી ઘેરી લઈ ઝડપી પાડ્યો હતો. અને તેની અંગઝડતી લઈ કમરમાં પેન્ટના નેફામાં ખોસીને રાખેલ રૂપિયા ૨૦૦૦/ની કિંમતનો દેશી હાથ બનાવટનો કટ્ટો (અગ્નિશસ્ત્ર) તથા રૂપિયા ૨૦૦/-ની કુલ કિંમતના જીવતા કારતુસ નંગ-૪ મળી રૂપિયા ૨,૨૦૦/-નો મુદ્દામાલ પકડી પાડી કબજે લઈ તે ઈસમની ધરપકડ કરી પૂછપરછ હાથ ધરતા તેને પોતાનું નામ મિનેષભાઈ છગનભાઈ પલાસ રહેવાસી વાંદરીયા પટેલ ફળિયા તાલુકા/ જીલ્લા દાહોદ હોવાનું જણાવ્યું હતું. આ મામલે દાહોદ તાલુકા પોલીસે ઝડપાયેલા મિનેષભાઈ છગનભાઈ પલાસ વિરૂદ્ધ આર્મ્સ એક્ટનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી જેલના સળિયા પાછળ મોકલી આપ્યો છે.

# દાહોદ શહેર અને જીલ્લામાં ગાજવીજ સાથે વરસાદથી ખેડુતોમાં આનંદ

દાહોદ,

દાહોદ શહેર સહિત જીલ્લામાં ભારે વરસાદની આગાહી તથા છેલ્લા એક અઠવાડિયાના ઝરમર વરસાદ બાદ મોડી રાતે ભારે ગાજવીજ સાથે મેઘરાજા મન મૂકીને વરસતા ધરતીપુત્રોમાં આનંદની લાગણી પ્રસરી જવા પામી છે. મોડી રાતે જીલ્લામાં સૌથી વધુ ૮૮ મિલિમિટર એટલે કે સાડા ત્રણ ઈંચ વરસાદ નોંધાયો છે. જ્યારે સૌથી ઓછો ગરબાડામાં ૧૫ મીમી વરસાદ નોંધાયાના સત્તાવાર અહેવાલો છે.

દાહોદ જીલ્લામાં મોડો મોડો પણ મેઘો મન મૂકીને મહેરબાન થયો છે. દાહોદ જીલ્લામાં ભારે વરસાદની આગાહી હોવા છતાં છેલ્લા એક અઠવાડિયાથી જીલ્લામાં ઝરમર વરસાદ રહેતા કાદવનુ સામ્રાજ્ય ઊભું થતાં રોગચાળાનો ભય ઊભો થયો હતો. પરંતુ ગત



મોડી રાતે ભારે ગાજવી સાથે મેઘરાજાએ સતત બે કલાક સુધી તોફાની બેટિંગ કરતા દાહોદમાં ૮૮ મિલી મીટર એટલે કે સાડા ત્રણ ઈંચ વરસાદ ખાબકતા શહેરના નીચાણ વાળા વિસ્તારોમાં લોકોના ઘરોમાં પાણી ભરાયા હતા. તેમજ શહેરના સ્ટેશન રોડ પર પણ જળબંબાકાર જેવી સ્થિતિ સર્જાતા થોડા સમય માટે વાહન વ્યવહાર ખોરવાયો હતો. ભારે વરસાદને પગલે શહેરના કેટલાક રસ્તાઓ પર મસ મોટા ખાડા પડી જતા અકસ્માત નો ભય વધવા પામ્યો છે. જ્યારે શહેરની દૂધીમતી નદીમાં નવા નીર આવતા બે કાંઠે વહેતી થવા પામી છે. આજના ભારે વરસાદને પગલે ધરતીપુત્રોમાં ખુશી પ્રસરી જવા પામી છે. તેમજ સારા પાકની આશા બંધાઈ છે. ગત મોડી રાતે દાહોદ શહેર સહિત જીલ્લામાં સાવર્ત્રિક વરસાદ પડ્યો હતો. જેમાં જીલ્લાના ફતેપુરામાં ૪૮ મી.મી, ઝાલોદમાં ૬૯ મી.મી., લીમખેડામાં ૩૨ મી.મી, દાહોદમાં ૮૮ મી.મી, ગરબાડામાં ૨૫ મી.મી, દેવગઢ બારીઆમાં ૨૮મી.મી, ધાનપુરમાં ૨૦ મી.મી, સંજેલીમાં ૨૨મી.મી, તથા સિંગવડમાં ૪૮ મી.મી. વરસાદ નોંધાયો હતો. જ્યારે આજે સવારે દાહોદમાં ૭ મી.મી, ગરબાડામાં ૨ મી.મી તથા દેવગઢ બારીઆમાં ૪ મી.મી વરસાદ પડ્યો હતો. આમ અત્યાર સુધીમાં જીલ્લાના ફતેપુરામાં ૨૧૩મી.મી, ઝાલોદમાં ૩૪૦ મી.મી, લીમખેડામાં ૨૪૯ મી.મી, દાહોદમાં ૩૫૯ મી.મી, ગરબાડામાં ૧૭૫ મી.મી, દેવગઢ બારીઆમાં ૧૮૨ મી.મી, ધાનપુરમાં ૧૬૩મી.મી, સંજેલીમાં ૨૨૬ મી.મી, તથા સિંગવડમાં ૨૨૮ મી.મી વરસાદ નોંધાયો છે.

# પીપલોદ ગામે શોપિંગ સેન્ટરની ૬ દુકાનોના સીલ રાતોરાત અનસીલ કરાતા તર્કવિતર્ક

દે.બારીઆ,

દે.બારીઆ તાલુકાના પીપલોદ ગામે બસ સ્ટેન્ડ ખાતે આવેલ શોપિંગ સેન્ટરની ગ્રામ પંચાયત દ્વારા સીલ કરવામાં આવેલ છ દુકાન આખરે ઓચિંતા સીલ ખોલી દેવાતા ગ્રામજનોમાં ભારે આશ્ચર્ય ફેલાયુ છે.

પીપલોદ ગામ ખાતે બસ સ્ટેન્ડ સામે આવેલ રૂદ્રાક્ષ કોમ્પલેક્ષની છ જેટલી દુકાન ચાલકોને ગ્રામ પંચાયત પીપલોદ દ્વારા ત્રણ જેટલી નોટિસો આપવામાં આવી હતી. જે નોટિસમાં બાંધકામને લગતી માહિતી, ફાયર સેફ્ટી સુવિધા અને દુકાનોના લાયસન્સ અંગે પુર્તતા કરવા માટે જરૂરી માહિતી માંગી હતી. પરંતુ ત્રણ વાર નોટિસની બજવણી થયા પછી પણ કોઈપણ દુકાનદારો ગ્રામ પંચાયત દ્વારા મળેલ નોટિસનો જવાબ કે ખુલાસો આપી શક્યા ન હતા. જેથી ગ્રામ પંચાયત પીપલોદ દ્વારા ઉપરી અધિકારીના હુકમ સાથે તા.૨૨/૦૭/૨૦૨૪ છ જેટલી દુકાનોને સીલ માર્યુ હતુ. ગ્રામ પંચાયત પીપલોદ દ્વારા છ દુકાનનુ સીલ હોવાની વાત ચારેકોર ફેલાઈ ચુકી હતી. કોઈપણ જવાબદાર અધિકારીની હાજરી વગર સીલ મારેલ છ જેટલી દુકાનોના તાળા ઓચિંતા ગ્રામ પંચાયત દ્વારા ખોલી દેવામાં આવતા પીપલોદ બજારમાં અનેક ચર્ચાઓએ જોર પકડ્યુ છે. માત્ર પાંચ જ દિવસમાં સીલ ખોલી દેવાતા અનેક તર્કવિતર્ક સર્જાયા છે.

# લીમખેડાના અંધારી ગામે ભાજપના મહિલા સભ્ય અને પતિ દ્વારા લોકોની જમીન પચાવી પાડવાના આક્ષેપ સાથે કલેકટરને રજુઆત

દાહોદ,

દાહોદ જીલ્લાના લીમખેડા તાલુકાના અંધારી ગામે ભાજપના જીલ્લા મહિલા સભ્ય તથા તેમના પતિ દ્વારા લોકોની જમીનોને ગેરકાયદેસર પચાવી પાડ્યાં હોવાના આક્ષેપો સાથે એક અરજદાર દ્વારા આ મામલે દાહોદ જીલ્લા કલેક્ટરને લેખિત રજુઆત કરવામાં આવી હોવાનું જાણવા મળે છે.

લીમખેડાના અંધારી ગામે હોળી ફળિયામાં રહેતાં અભેસિંગભાઈ રવજીભાઈ બારીયાએ દાહોદ જીલ્લા કલેકટરને કરવામાં આવેલ લેખિત રજુઆતમાં જણાવ્યાં અનુસાર, દાહોદ જીલ્લા પંચાયતના મહિલા સભ્ય શારદાબેન તેરસીંગભાઈ બારીઆ તથા તેમના પતિ તેરસીંગભાઈ કલાભાઈ



બારીઆએ અંધારી ગામે આવેલ લોકોની ખેતીની જમીનોને પચાવી પાડી તેઓ દ્વારા જમીનો શરતની ખેતીલાયક ઉપયોગની આવેલ જમીનોને પચાવી પાડી છે. જમીનોના મુળ ખાતેદારી ગમાભાઈ મનાભાઈ મજકુર ગુજરી જવાથી કબજેદારના સગા રયજીભાઈ મનાબાઈના પુત્ર પોતે ઉપરોકત અરજદારનું નામ વારસાઈ ફેરફારમાં નોંધ કરવામાં આવેલ છે. તેમ છતાં ઉપરોકત જીલ્લા પંચાયતના મહિલા સભ્ય તથા તેમના પતિ દ્વારા આ જમીનોને પચાવી પાડ્યાં આક્ષેપો સાથે ઉપરોક્ત અરજદાર દ્વારા દાહોદ જીલ્લા કલેક્ટરને લેખિત રજુઆત કરી આ મામલે તપાસ કરી કાર્યવાહી કરવા માટે રજુઆત કરવામાં આવેલ છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www.panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 27, No.288

# પંચમહાલ જીલ્લામાં સૌથી વધુ ચાંદીપુરમ વાયરસના કેસ નોંધાતા NIV અને NCDCના વૈજ્ઞાનિકોની ટીમ દ્વારા ગામોની મુલાકાત લેવાઈ





ગોધરા,

ગોધરામાં નવી દિલ્હીની NCDC ટીમના સભ્યો આવી પહોંચ્યા.ગોધરા તાલુકાના અસરગ્રસ્ત વિસ્તારોની મુલાકાત લઈ અગાઉ આરોગ્ય વિભાગ દ્વારા કરવામાં આવેલી કામગીરીની સમીક્ષા કરી.

ગોધરા તાલુકા સહિત પંચમહાલ જીલ્લામાં ચાંદીપુરમ વાયરસને પગલે સ્થાનિક પંચમહાલ જીલ્લા આરોગ્ય વિભાગની કામગીરી બાદ NIC પુનાની ટીમ ગોધરા આવી પહોંચી હતી અને અસરગ્રસ્ત વિસ્તારોની મુલાકાત લીધા બાદ જરૂરી તપાસ હાથ ધરી હતી.ત્યારે આજે નવી દિલ્હી થી NCDC(નેશનલ સેન્ટર ઓફ ડીસીસ કંટ્રોલ)ની ટીમના ચાર સભ્યો પણ આજે ગોધરામાં આવી પહોંચ્યા હતા અને ચાંદી પુરમ વાયરસ અસર ગ્રસ્ત વિસ્તારોની મુલાકાત લીધી હતી. જેમાં NCDC ટીમ દ્વારા પંચમહાલ આરોગ્ય વિભાગ દ્વારા અગાઉ કરવામાં આવેલી કામગીરીની સમીક્ષા કરી હતી.

ગુજરાત રાજ્યમાં સૌથી વધુ પંચમહાલ જીલ્લામાં ચાંદી પુરમ વાયરસનાં કુલ ૧૫ કેસો અત્યાર સુધીમાં નોંધાવા પામ્યા છે. જેમાં ૭ કેસ પોઝિટીવ અને ૮ કેસો નેગેટિવ આવ્યા છે. જેમાં ૭ બાળકોના મોત નિપજવા પામ્યા છે. ત્યારે પંચમહાલ જીલ્લા આરોગ્ય વિભાગ સતર્ક બની આરોગ્યલક્ષી કામગીરી કરી હતી. જેમાં ગુજરાત રાજ્ય સરકાર દ્વારા મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો હતો અને તે નિર્ણયના પગલે પુના થી NIVના નિષ્ણાત વૈજ્ઞાનિકોની ટીમ ગોધરા ખાતે આવી વાયરસ સબંધિત અસરગ્રસ્ત વિસ્તારોમાં જઈ જરૂરી સેમ્પલ લેવાની કામગીરી હાથ ધરી હતી. ત્યારે આજે ગોધરા ખાતે નવી દિલ્હી થી NCDની ટીમના ચાર સભ્યો આવી પહોંચ્યા હતા અને પંચમહાલ જીલ્લા આરોગ્ય વિભાગ દ્વારા કરવામાં આવેલી કામગીરીની સમીક્ષા કરી હતી.

પંચમહાલ જીલ્લામાં સૌથી વધુ ચાંદીપુરમ વાયરસના કેસો નોંધાતા પુના ખાતેથી એનઆઈવીની વૈજ્ઞાનિકોની ટીમ બાદ નવી દિલ્હી ખાતેથી એનસીડીસીની એક ટીમ આજે પંચમહાલની મુલાકાતે આવી છે. પંચમહાલ જીલ્લામાં ચાંદીપુરમ ના શંકાસ્પદ ૧૫ જેટલા કેસો નોંધાયા હતા. જે પૈકી સાત કેસો પોઝિટિવ આવ્યા છે અને આઠ કેસો નેગેટિવ આવ્યા છે. જે પૈકી સાત બાળકોના મોત થવા પામ્યા છે. રાજ્યમાં સૌથી વધુ કેસ પંચમહાલ જીલ્લામાં નોંધાતા પુને ખાતેથી એનઆઈવીની પાંચ વૈજ્ઞાનિકોની ટીમ પંચમહાલ જીલ્લાના અસરગ્રસ્ત વિસ્તારોની મુલાકાતે આવી હતી. એ બાદ આજે એનસીડીસી, નવી દિલ્હી થી વધુ એક ટીમ પંચમહાલ જીલ્લાની મુલાકાતે આવી છે. એનસીડીસી નવી દિલ્હીથી આવેલી ટીમ દ્વારા પંચમહાલ જીલ્લાના જુદા જુદા અસરગ્રસ્ત વિસ્તારોમાં જેમાં મોર ડુંગરા, કોટડા અને ધોળા કૂવા ગામે પહોંચી અને સ્થાનિક આરોગ્ય વિભાગ દ્વારા કરવામાં આવેલી કામગીરીની સમીક્ષા કરી હતી. ટીમ દ્વારા સ્થાનિક આરોગ્ય વિભાગ દ્વારા કરવામાં આવેલી ડસ્ટિંગ તેમજ દવાના છંટકાવ અને કાચા તેમજ પાકામાં મકાનોની તિરાડોમાં પૂરવામાં આવેલી દવાની કેટલી અસરકારકતા છે તે તપાસવામાં આવી હતી. ટીમ દ્વારા કરવામાં આવેલી કામગીરી નો અહેવાલ કેન્દ્રના આરોગ્ય વિભાગને સોંપવામાં આવનાર છે. તો બીજી તરફ છેલ્લા ત્રણ દિવસથી પંચમહાલ જીલ્લામાં ચાંદીપુરમનો એક પણ કેસ ન નોંધાતા સ્થાનિક આરોગ્ય વિભાગ એ રાહતનો શ્વાસ લીધો છે.

# પંચમહાલ જિલ્લાના તમામ તાલુકામાં સર્વાત્રિક વરસાદ પડતા ખેડુતોમાં આનંદ

ગોધરા,

પંચમહાલ જિલ્લાના તમામ તાલુકામાં સાર્વત્રિક વરસાદ નોંધાયો છે. સવારથી સતત ધીમી ધારે વરસાદ પડતા ખેડુતો આનંદિત થઈ ઉઠ્યા છે. સવારથી પડતા એકધારા વરસાદને ગોધરા શહેરના નીચાણવાળા વિસ્તારમાં વરસાદી પાણી ભરાવાની સમસ્યા ઉભી થવા પામી છે.

પંચમહાલ જિલ્લામાં છેલ્લા કેટલાક દિવસથી વાદળછાયા વરસાદી વાતાવરણ બનતુ હોય છતાં વરસાદ નહિ વરસતા ખેડુતો ચિંતિત બન્યા હતા. ત્યારે આજ સવારથી પંચમહાલ જિલ્લાના તમામ તાલુકામાં સાર્વત્રિક એકધારો વરસાદ પડતા ખેડુતોમાં આનંદની લાગણી જોવા મળી છે. અને ખેડુતો ખેતીના કામમાં વ્યસ્ત બન્યા છે.



મોડીરાતથી વરસાદી માહોલ બન્યો હતો અને સવારથી સતત એકધારા વરસાદ પડ્યો હતો. એકધાર્યા વરસાદને લઈ ગોધરા શહેરના નીચાણવાળા વિસ્તારો ચિત્રાવાડી, ખાડી ફળિયા, સિંદુરીમાતા મંદિર વિસ્તાર, કોડયા ફળિયા, ઝુલેલાલ સોસાયટી વિસ્તારોમાં વરસાદી પાણી ભરાતા સ્થાનિક રહિશોને મુશ્કેલીઓ વેઠવી પડી હતી. સવારથી સતત ધીમી ધારે વરસાદને લઈ જન જીવન ઉપર અસર જોવા મળી હતી. રોડ ઉપરથી કામ માટે નીકળેલ વાહનચાલકો વરસાદને લઈ પરેશાન થતાં જોવા મળ્યા હતા. ધીમી ધારે એકધાર્યા વરસાદને લઈ વાતાવરણમાં ઠંડક પ્રસરી જવા પામી છે.

**પંચમહાલ જિલ્લામાં નોંધાયેલ વરસાદના આંકડા :**

શહેરા : ૨૬ મી.મી.
મોરવા(હ) : ૨૪ મી.મી.
ગોધરા : ૨૪ મી.મી.
કાલોલ : ૦૩ મી.મી.
ઘોઘંબા : ૦૩ મી.મી.
હાલોલ : ૧૧ મી.મી.
જાંબુઘોડા : ૧૮ મી.મી.

## પંચમહાલ દુધ સંઘ ગોધરાની ૫૧મી વાર્ષિક સાધારણ સભા યોજાઈ



ગોધરા,

ધી પંચમહાલ જીલ્લા સહકારી દુધ ઉત્પાદક સંઘ લી. ગોધરાથી ૫૧મી વાર્ષીક સાધારણ સભાનું આયોજન દુધ પટાંગણમાં કરવામાં આવ્યું હતું.

દુધ સંઘ આયોજીત દુધ મંડળીઓના ચેરમેન દુધ સંઘના નિયામક મંડળના સભ્યો હાજર રહ્યા હતા. વાર્ષીક સાધારણ સભા દુધ સંઘના ચેરમેન જેઠાભાઈ ભરવાડ નાણાંકીય વર્ષના નફા–નુકશાન, વેપાર ખાતા તેમજ પાકા સરવૈયા વિશેની સભાસદોને માહિતી આપી હતી. દુધ સંઘ સમન પ્રગતિના શિખરો સર કરી વિકાસના માર્ગ અગ્રેસર થઈ વર્ષ ૨૦૨૩–૨૪ દરમિયાન દુધ સંઘે ૧૦૦ કરોડ કિલો દુધ સંપાદન કરવાની સિધ્ધી હાંસલ કરી છે. તેમજ રૂ.૫૪૪૦ કરોડનું દુધ તેમજ દુધની બનાવટોનું વેચાણ કરેલ છે. ગત વર્ષની સરખામણીમાં વેચાણમાં ૩૧ ટકાનો વધારો થયેલો છે. વર્ષ ૨૦૨૩–૨૪માં સભાસદોને મહતમ ૨૦ ટકા ડિવીડન્ડ આપવામાં આવ્યું. તેમજ દુધ સંઘે દરમિયાન કરેલી પ્રગતિ તેમજ આવનાર વર્ષમાં અમલમાં આવનાર દુધ સંઘના વિવિધ પ્રોજેકટોની માહિતી આપી હતી. સભાના અંતમાં તમામ સહકારી, નાણાંકીય સંસ્થાઓ તેમજ અધિકારીઓનો દુધ સંઘના એમ.ડી.એ આભાર માન્યો હતો.

## શહેરાના વાટાવછોડા ગામની સસ્તા અનાજની દુકાનમાં પુરવઠા અધિકારીની તપાસ દરમિયાન ગેરરીતિ સામે આવતાં પરવાનો ૯૦ દિવસ માટે સસ્પેન્ડ કરાયો

શહેરા,

પંચમહાલ જીલ્લા પુરવઠા અધિકારી અને ના.કલેકટર દ્વારા ટીમ સાથે શહેરા તાલુકાના વાટા વછોરા ગામે સસ્તા અનાજની દુકાનમાં આકસ્મિક તપાસ કરવામાં આવેલ હતી. ઘઉં, ચોખા, ખાંડ મળી ૨૦ કટ્ટાની ઘટ મળી આવતાં ૩ માસ માટે દુકાનનો પરવાનો સસ્પેન્ડ કરવામાં આવ્યો.

પંચમહાલ જીલ્લા પુરવઠા અધિકારી અને ના. કલેકટર એચ.ટી.મકવાણા તથા ટીમ દ્વારા શહેરા તાલુકાના વાટા વછોરા ગામે સરકારી સસ્તા અનાજની દુકાનમાં આકસ્મિક ચેકીંગ હાથ ધરવામાં આવ્યું હતું. તપાસમાં ઘઉં–જની ઘટ, ચોખા–૧૪ કટ્ટાની ઘટ, ખાંડ–૨ કટ્ટા



મળી ૨૦ કટ્ટા કિંમત ૩૭,૮૨૭/–રૂપીયાની ઘટ મળી આવી હતી. તેમજ દુકાન સંચાલક દ્વારા નિયત નમુનાના બોર્ડ કે રેકોર્ડ નિભાવવામાં આવેલ ન હોય તેમજ દુકાનદારો સામે ઘટ પડેલ અનાજના જથ્થામાં તપાસમાં ગંભીર ગેરરીતિ જણાઈ આવી હતી. જેને લઈ વાટા વછોરા સરકારી સસ્તા અનાજની દુકાનોને પરવારો ૯૦ દિવસ માટે સસ્પેન્ડ કરવામાં આવ્યો.

## ગોધરાના ગોન્દ્રા થી વ્હોરવાડને જોડતા રસ્તા સાઈડની ગટર લાઈનના ઢાંકણા ખુલ્લા રહેતા અકસ્માતની ભીતી



ગોધરા,

ગોધરા ગોંન્દ્રા મેઈન રોડ વડોદરા હાઈવે થી વ્હોરવાડ તરફ જતાં રસ્તા ઉપર વરસાદી પાણી તેમજ ઘર વપરાશના પાણીના નિકાલ માટેની લાઈનના ઢાંકણા તુટી ગયેલ છે. આ ઢાંકણા નવા બનાવવા માટે માજી નગર પાલિકા સભ્ય દ્વારા પાલિકા પ્રમુખને લેખિત રજુઆત કરાઈ છે.

ગોધરાના ગોંન્દ્રાના વડોદરા હાઈવે થી વ્હોરવાડને જોડતા રસ્તા ઉપર ઘર વપરાશ અને વરસાદી પાણીના નિકાલ માટેની લાઈન પસાર થાય છે. તે ગટર લાઈનના ઢાંકણા તુટી ગયેલ છે. તુટી ગયેલ ઢાંકણાને લઈ રોડ ઉપર પસાર થતા રાહદારી કે વાહન માલિકોને અકસ્માતનો ભોગ બની શકે છે. ગટર લાઈનના ઢાંકણા નવા બનાવવા માટે નગર પાલિકામાં અનેકવાર લેખિત, મૌખિક અને ટેલીફોનથી રજુઆત કરવા છતાં ગટરના ઢાંકણા નવા નાખવામાં આવેલ ન હોય જેને લઈ પાલિકાના માજી સભ્ય યાકુબ અ. સલામ બકકર (તપેલી) દ્વાર પાલિકા પ્રમુખને લેખિત રજુઆત કરી ઢાંકણ નવા બનાવવા માટે રજુઆત કરાઈ છે. ગટરના ઢાંકણા નહિ બનાવવામાં આવે તો ગોધરા પાલિકાના પેન્શનર દ્વારા પેન્સર માટે નીતિ અપનાવી હતી. તે મુજબ જાહેરમાં રસ્તા ઉપર ઉભા રહી કટોરા લઈને જનભાગીદારી (ભીખ) માંગીને કામગીરી કરવાની ચિમકી ઉચ્ચારી છે.

## પંચમહાલ જીલ્લાના કાલોલમાં પાણીની પાઈપ માટે ખોદકામ બાદ યોગ્ય પુરાણ નહીં થતાં વાહનો ફસાયા

કાલોલ,

પંચમહાલ જીલ્લાના કાલોલની નગરપાલીકા હાલ ચીફ ઓફિસર અને વહીવટદારના હાથમાં છે, તેવામાં કાલોલ શેહેરમાં અનેક પ્રકારની પારાવાર તકલીફોનો સામનો કાલોલ નગરજનો કરી રહ્યા છે, એ પછી સાફ સફાઈ હોઈ કે સ્ટ્રીટ લાઈટો હોઈ કે મૂળભૂત જરૂરીયાતો હોઈ કાલોલ નગરપાલિકાના વહીવટદારોને કોઈ પણ પ્રકારની ચિંતાના હોઈ તેવું દેખાય રહ્યું છે. થોડા સમય અગાઉ થી કાલોલમાં પીવાના પાણીની લાઈનની કામગીરી અંતર્ગત ખોદકામ કરવામાં આવી રહ્યું છે.

ત્યારે આ કામગીરી દરમ્યાન યોગ્ય રીતે પુરાણ કરવામાં નહીં આવતાં તાજેતરમાં થયેલા વરસાદમાં માટી બેસી જતાં માર્ગ ઉપરથી અવરજવર કરતાં અનેક વાહનચાલકો ફસાઈ



રહ્યા છે.

તાજેતરમાં ખાબકેલા થોડાજ વરસાદે પાલિકા તંત્રની કામગીરીની પોલ ખોલી નાંખી. વાહનચાલકો ભોગ બની રહયા છે.

ત્યારે તંત્ર દ્વારા યોગ્ય રીતે પુરાણની કામગીરી કરવામાં આવે અને ચોક્કસ ભ્રષ્ટાચાર વગરનું કામ થાય તેવી કાલોલ નગરજનોની માંગ ઉઠવા પામી છે.

## ગોધરા ને ગ્રીન બનાવવાનાં ઉદ્દેશ્ય સાથે ગોધરાના ત્રણ યુવાનોની નાની પણ મક્કમ પહેલ

ગોધરા,

ગોધરા શહેરને ગ્રીન ગોધરા બનાવવાનાં ઉદ્દેશ્ય સાથે ગોધરા શહેરનાં વિવિધ વિસ્તારોમાં રહેતા ત્રણ મિત્રો સંજય પરમાર, બિંતેશ પટેલ અને હાર્દિક ચૌહાણ દ્વારા અનોખું મિશન હાથ ધરવામાં આવ્યું છે. જેઓ ગોધરા શહેરને ગ્રીન ગોધરા બનાવવા કટિબદ્ધ છે. જેઓ દ્વારા હાલ નાનકડો પ્રયાસ થી શરૂઆત કરી છે. જેમાં તેઓએ તાજેતરમાં જ ગોધરા શહેરનાં ભુરાવાવ વિસ્તાર થી માંડીને ભામૈયાં બસ સ્ટેન્ડ સુધી રોડની વચ્ચે ડીવાઈડર ઉપર ૫૦ લીમડા અને ૫૦ સપ્તપર્ણી નાં રોપા લગાવાયા હતા. જેઓનો મુખ્ય ઉદ્દેશ્ય ગોધરાને ગ્રીન ગોધરા બનાવવાનો છે. શહેરોમાં પ્રદૂષણ વધતું હોવાના કારણે ગ્લોબિંગ વોર્મિંગની અસર વાતાવરણ ઉપર અને સામાન્ય માનવીના જીવન ઉપર આપને હાલ પણ જોઈ જ રહ્યા છે. ત્યારે આવનાર આપણી પેઢીને આ બધી વિપરીત પરિસ્થિતિઓમાંથી પસાર થવું ના પડે તે માટે શહેરનાં દરેક યુવાઓ, દરેક પુરૂષ,મહિલા અને બાળકો વૃક્ષારોપણ કરે તે જરૂરી છે. ત્યારે આ ગોધરાને ગ્રીન બનાવવાનાં સંકલ્પ સાથે ત્રણ યુવાઓ આગામી દિવસોમાં ગોધરા શહેરના ચાર સીમાઓના મુખ્ય માર્ગો ઉપર વચ્ચે આવેલા ડીવાઈડર ઉપર વૃક્ષારોપણ કરશે અને ત્યારબાદ શહેરમાં આવેલી શાળાઓનાં પરિસરોમાં વૃક્ષારોપણની કામગીરી વેગ વંતી બનાવશે.


**ગુજરાતસરકાર**
**માર્ગ અને મકાન વિભાગ**
**ઓન લાઈન જાહેર નિવિદા નં.એસ.ડી.સી/ ૨ સને ૨૦૨૪**

ગુજરાત રાજયના રાજયપાલશ્રી વતી નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, વિદ્યુત (મા અને મ) પેટા વિભાગ, ગોધરા ઈન્ડીયન રેડક્રોસ સોસાયટીની બાજુમાં, ગોધરા સિવિલ લાઈન, ગોધરા–૩૮૯૦૦૧, ટેલીફોનનં૦૨૬૭૨–૨૪૮૪૦૦ની કચેરી દ્વારા ટેમ્પરરી વીજળીકરણના અ.નં.૧ થી જના કામ કે જેની અંદાજીત રકમ રૂા. ૧.૩૨ એક લાખ બત્રીસ હજાર થી રૂા.૨.૫૭ બે લાખ સતાવન હજાર છે. તેના માટે વિભાગની યોગ્ય શ્રેણીમાં નોંધાયેલા ઈજારદારશ્રીઓ તથા સુંદર કામના નિષ્ણાતો પાસેથી ઓનલાઈન ટેન્ડર (ઈ–ટેન્ડર સીસ્ટમ)થી ભાવ મંગાવવામાં આવે છે. ટેન્ડર ડાઉનલોડ કરવાની તથા ટેન્ડરમાં ભાવો ભરીને ઓનલાઈન ટેન્ડર મોકલવાની છેલ્લી તાઃ–૦૯/૦૮/૨૦૨૪ રાખવામાં આવેલ છે. સદરહુ કામના ટેન્ડર તા.૦૯/૦૮/૨૦૨૪ નારોજ બપોરે ૧૨:૦૫ કલાકે ગોધરા વિદ્યુત (મા.મ) પેટા વિભાગ, ગોધરાની કચેરીમાં ખોલવામાં આવશે. વધુ માહિતી માટે જાહેર રજાના દિવસ સિવાય આ કચેરીનો સંપર્ક સાધવા વિનંતી ટેન્ડર નોટીસની વેબસાઈટ www.uptocure.com પરથી ડાઉનલોડ કરી www.statetenders.gujarat.gov.in પર જોઈ શકાશે.

(માહિતી/ગોધરા/૨૨૬/૨૪)


## કાલોલ સરદાર ભવન ખાતે કોંગ્રેસ સમિતિએ આગામી સ્થાનિક સ્વરાજની ચૂંટણી લઈ બેઠક યોજાય

કાલોલ,

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ શકિતસિંહ ગોહિલ નીસૂચના અને પંચમહાલ જીલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ ચેતનસિંહ પરમારના માર્ગદર્શન હેઠળ આજરોજ તારીખ ૨૯/૦૭/૨૦૨૪ને સોમવાર નારોજ કોંગ્રેસ હાઉસ, સરદાર ભવન, કાલોલ ખાતે બપોરે ૧–૦૦ કલાકે AICC ના સેક્રેટરી અને ગુજરાત પ્રદેશ કોંગ્રેસના સહ પ્રભારી ઉષાબેન નાયડુ તેમજ માજી મંત્રી ઉદેસિંહ બારીયા પ્રદેશના અને જીલ્લાના પદાધિકારીઓ, કાલોલ શહેર અને તાલુકા કોંગ્રેસના આગેવાનો આગામી નગરપાલિકા અને સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓના સલાહ સૂચન કરી માર્ગદર્શન આપ્યું હતું. તાલુકા કોંગ્રેસ અને શહેર કોંગ્રેસ કાલોલના હોદ્દેદાર, કાર્યકરો ઉપસ્થિત રહ્યાં હતા.

## મોરવા(હ)ના માતરીયા પ્રા.શાળામાં પુરવઠા અધિકારીના ચેકીંગ દરમિયાન નિયમ મુજબ સુખડી ન આપનાર સંચાલકો સામે કાર્યવાહી

મોરવા(હ), જી

મોરવા(હ) તાલુકાના માતરીયા પ્રા.શાળામાં પુરવઠા અધિકારી એચ. ટી.મકવાણા જીલ્લા પુરવઠા અધિકારી પી.એમ.પોષણ યોજના અને નાયબ કલેકટર પંચમહાલ ગોધરા તથા તેઓની જીલ્લાની ટીમ દ્વારા મોરવા (હડફ) તાલુકાના મ.ભો.યોજના કેન્દ્રો (૧) માતરીયા વેજમા પ્રાથમિક શાળામાં સુખડીમાં લાભાર્થી બાળકોની સંખ્યા પ્રમાણે ૧૨.૧૦૦ કિ.ગ્રા. બનાવવા પાત્ર હતી, પરંતુ બનાવેલ સુખડીનું વજન કરતાં ૬.૦૦૦ કિ.ગ્રા. હતું. આમ, ૬.૧૦૦ કિ.ગ્રા. સુખડી ઓછી બનાવેલ હતી (૨) વેડ ફળીયા પ્રાથમિક શાળા માતરીયા (વેજમા)માં સુખડીમાં લાભાર્થી બાળકોની સંખ્યા પ્રમાણે ૮.૮૪૦ કિ.ગ્રા. બનાવવા પાત્ર હતી, પરંતુ બનાવેલ સુખડીનું વજન કરતાં ૬.૦૦૦ કિ.ગ્રા. હતું. આમ, ૨.૮૪૦ કિ.ગ્રા. સુખડી ઓછી બનાવેલ હતી. (૩) વાઢી ફળીયા વર્ગ માતરીયા (વેજમા)માં સુખડીમાં લાભાર્થી બાળકોની સંખ્યા પ્રમાણે ૪.૬૫૫ કિ.ગ્રા. બનાવવા પાત્ર હતી પરંતુ બનાવેલ સુખડીનું વજન કરતાં ૨.૫૦૦ કિ.ગ્રા. હતું. આમ, ૨.૧૫૫ કિ.ગ્રા. સુખડી ઓછી બનાવેલ હતી. (૪) મુખ્ય પ્રાથમિક શાળા ડાંગરીયા. આમ, આકસ્મિક મુલાકાત દરમ્યાન ઉપરોક્ત ક્ષતિઓ જોવા મળેલ હતી. મધ્યાહન ભોજન કેન્દ્રોની તપાસણી દરમ્યાન શાળાના બાળકોને જમવાનું તથા નાસ્તો મેનુ મુજબ મળે છે કે કેમ ? તે અંગે વર્ગ ખંડમાં જઈ પૂછપરછ કરી ખાતરી કરવામાં આવી. તેમજ નિયમ મુજબ સુખડી ન આપનાર સંચાલકો સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

## હાલોલ રેકડી વિસ્તારમાં દરજી ફળિયામાં જવાની ગલી પાસે જર્જરિત મકાન ધરાશાઈ



હાલોલ,

હાલોલ રેકડી વિસ્તારમાં આવેલ દરજી ફળિયામાં જવાના રસ્તાને અડીને આવેલ જર્જરિત મકાનનો હિસ્સો અચાનક ધરાશાઈ થયો હતો. સવારનો સમય હોવાથી રસ્તા ઉપર લોકોની અવર જવર ન હોવાથી કોઈ દુર્ઘટના સર્જાઈ ન હતી.

હાલોલ બજાર વિસ્તારમાં જુની રાજદિપ સિનેમા પાછળના દરજી ફળિયામાં જવાના રસ્તા ઉપર આવેલ એક જર્જરિત બે માળના મકાનનો હિસ્સો વહેલી સવારના સમયે ધરાશાઈ થયો હતો. સવારનો સમય હોવાથી લોકોની અવર જવર ન હોવાથી કોઈ જાનહાનિ થવા પામી ન હતી. સામાન્ય રીતે આમલીવાળા રસ્તા ઉપર લોકોની મોટાપ્રમાણમાં અવર જવર રહેતી હોય છે. સદ્નસીબે મકાનનો ભાગ ધરાશાઈ થયો તે સમયે કોઈ પસાર થતુ ન હોવાથી જાનહાનિ ટળી હતી. હાલોલ નગરપાલિકા દ્વારા અનેક જર્જરિત મકાનો ઉતારી લેવા માટે નોટિસ આપવામાં આવેલ છે તેમ છતાં આવા જર્જરિત જોખમી મકાનો ઉતારી લેવા માટે માલિકો તૈયાર ન હોવાથી જર્જરિત મકાનો પાલિકા દ્વારા દુર કરવામાં આવે તે જરૂરી છે.

## ગોધરા તાલુકાના નદીસર ગામમાં વિકાસના કામોના ભ્રષ્ટાચાર ઉચાપત કેસમાં વિજયભાઈ માછીની ધરપકડ કરી કોર્ટમાં રજુ કરી પાંચ દિવસના રિમાન્ડ મેળવ્યા

ગોધરા,

ગોધરા તાલુકાના નદીસર ગામમાં વિકાસના કામોમાં આચરેલ ભ્રષ્ટાચાર અને ઉચાપત કેસમાં મહિલા સરપંચના પતિની ધરપકડ બાદ સેશન્સ જજ ઈન્ચાર્જ પી.એ.માલવીયાની કોર્ટમાં રજુ કરી પોલીસે રીમાન્ડની માંગણી કરતાં આરોપીના પાંચ દિવસના રિમાન્ડ મંજુર કરાયા.

ગોધરા તાલુકાના નદીસર ગામમાં વિકાસના કામોમાં આચરવામાં આવેલ ભ્રષ્ટાચાર અને ઉચાપત કેસમાં તત્કાલીન સમયના મહિલા સરપંચ રેખાબેન માછીના પતિ વિજયભાઈ માછી સામે ગુનો નોંધાયેલ હોય આ ગુનામાં વિજયભાઈ માછીની પોલીસ દ્વારા ધરપકડ કરવામાં આવી હતી. આરોપીની કસ્ટડી રિમાન્ડ માટે પંચમહાલ જીલ્લા સેશન્સ જજ ઈન્ચાર્જ પી.એ.માલવીયાની કોર્ટમાં ડી.વાય.એસ.પી. એન.વી.પટેલ દ્વારા રજુ કરવામાં આવ્યો હતો. સરકારી વકિલ રાકેશ એસ.ઠાકરો ની વિગતવાર દલીલોને ધ્યાને લઈ આરોપી વિજયભાઈ માછીના પાંચ દિવસના રિમાન્ડ કસ્ટડી મંજુર કરવામાં આવી.

## મોરવા(હ)ના વીરણીયા ગામે ૧૭ વર્ષિય યુવકને સાંપ કરડી જતાં ખાનગી દવાખાનામાં સારવાર માટે ખસેડાયો

મોરવા(હ),

મોરવા(હ)તાલુકાના વીરણીયા ગામે રહેતા ૧૭ વર્ષિય યુવકને ઘરની બહારથી સાંપ કરડી જતાં સારવાર માટે ગોધરા ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો.

પ્રાપ્ત માહિતી અનુસાર મોરવા(હ)તાલુકાના વીરણીયા ગામે રહેતા શ્યામભાઈ અરવિંદભાઈ ભેદી(ઉ.વ.૧૭)પોતાની ઘરની બહાર પેશાબ માટે ગયેલ હોય ત્યારે સાંપ કરડી જતાં યુવકને સારવાર માટે ગોધરા ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો.આ બાબતે મોરવા(હ)પોલીસ મથકે ફરિયાદ નોંધાવવા પામી છે.